**FORM-A**

**THE COURT OF THE SESSIONS JUDGE, GIR SOMNATH,**
**AT-VERAVAL**

**(Date of Judgment - 03.08.2026**

**Sessions Case No.05.2023**

**(Details of FIR/Crime and Police Station)**

**The F.I.R. has been lodged by Complainant before committed under Section 306,506(2), 114 of I.P.C registered vide Talala Police Station FIR No.11186007220222 of 2022.**

| | |
|---|---|
| **COMPLAINANT** | શ્રી સરકાર |
| **REPRESNTED BY** | વિ. એડી. પી. પી. શ્રી જે. ડી. પાઠક |
| **ACCUSED NO.1** | **અજીતસિંહ જગદીશભાઇ ચાવડા** |
| **ACCUSED NO.2** | **રમેશભાઇ ભીમાભાઇ ચાવડા** |
| **ACCUSED NO.3** | **રાજનભાઇ જીવાભાઇ ચોહાણ** |
| **ACCUSED NO.4** | **મનીષાબેન ડો/ઓ જગદીશભાઇ ચાવડા વા/ઓ રાજનભાઇ જીવાભાઇ ચૌહાણ** |
| **REPRESNTED BY** | વિ. વ. શ્રી એમ. એન. ધોકડીયા |

**FORM-B**

| | |
|---|---|
| Date of offence | 07.05.2022 |
| Date of FIR | 13.05.2022 |

| | |
|---|---|
| Date of Chargesheet | 23.09.2022 |
| Date of Framing of Charges | 25.05.2023 |
| Date of Commencement of evidence | 10.07.2023 |
| Date on Which Judgment is reserved | 03.08.2026 |
| Date of the Judgment | 03.08.2026 |
| Date of the Sentencing Order, if any | - |

## Accused Details

| No | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | whether Acquitted or convicted | sentence imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428 Cr. P. C |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Ajitsinh Jagdishbhai Chavda | 23.05.22 | 31.05.22 | IPC-306 etc | Acquitted | - | 23.05.22 to 31.05.22 |
| 2 | Rameshbhai Bhimabhai Chavda | " | " | " | " | - | " |
| 3 | Rajanbhai Jivabhai chauhan | " | " | " | " | - | " |
| 4 | Manishaben D/o Jagdishbhai Chavda W/O | 10.06.22 | 10.06.22 | " | " | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | Rajanbhai Jivabhai Chavda | | | | | | |

## FORM-C

## LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESSES

## A. PROSECUTION

| સાહેદ નં. | આંક | સાહેદનુ નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૪ | પોલાભાઈ નાથાભાઈ મહીડા | ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ |
| ૨ | ૧૬ | મુંજાભાઈ હાદાભાઈ સોંદરવા | સ્થાનીક જગ્યાના પંચનામાના પંચ સાહેદ |
| ૩ | ૧૮ | પ્રકાશભાઈ મુળશંકર મહેતા | સ્થાનીક જગ્યાના પંચનામાના બીજા પંચ સાહેદ |
| ૪ | ૩૪ | હરીભાઈ નથુભાઈ સોંદરવા | આરોપીને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| ૫ | ૩૬ | નીતીનભાઈ નાજાભાઈ સોંદરવા | આરોપીને અટક કર્યાના પંચનામાના બીજા પંચ સાહેદ |
| ૬ | ૪૪ | દુદાભાઈ હમીરભાઈ સોંદરવા | આરોપી નં. (૪) ને અટક કર્યાના પંચનામાના બીજા પંચ સાહેદ |
| ૭ | ૪૬ | સાલમભાઈ જુસબભાઈ મજગુલ | મરણજનારનુ પી. એમ. કરતી વખતે લીધેલ નમુના કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૮ | ૫૦ | જયવંતભાઇ વીસામભાઇ સીંધવ | નાયબ મામલતદાર |
| ૯ | ૫૭ | અક્ષયકુમાર જેન્તીલાલ હડીયલ | મેડીકલ ઓફીસર |
| ૧૦ | ૬૨ | રેયાભાઇ માલાભાઇ કોડીયાતર | પી. એમ. કરનાર |
| ૧૧ | ૬૬ | રતીભાઇ નાજાભાઇ મકવાણા | મરણજનારના પતિ |
| ૧૨ | ૭૧ | દીપકભાઇ રતીલાલ મકવાણા | સાહેદ |
| ૧૩ | ૭૬ | હેમાલીબેન રતિભાઇ મકવાણા | સાહેદ |
| ૧૪ | ૮૬ | જીતેન્દ્રભાઇ રતીલાલ મકવાણા | સાહેદ |
| ૧૫ | ૯૦ | કાળુભાઇ રામભાઇ કારીયા | પોલીસ સાહેદ |
| ૧૬ | ૯૫ | શબીરભાઇ ઉંમરભાઇ દલ | પોલીસ સાહેદ |
| ૧૭ | ૧૦૨ | નાજાભાઇ કચરાભાઇ મકવાણા | સાહેદ |
| ૧૮ | ૧૦૮ | પરબતભાઇ જીવાભાઇ બાંટવા | ત. ક. અધિકારી |

## B. DEFENCE WITNESS, IF ANY:

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| - | - | - |

## C. DEFENCE WITNESS, IF ANY:

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| - | - | - |

## LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS

## A. PROSECUTION

| અ. નં. | દસ્તાવેજનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | ઈન્કવેસ્ટ પંચનામુ | ૧૫ |
| ૨ | સ્થાનીક જગ્યાનુ પંચનામુ | ૧૭ |
| ૩ | આરોપી નં. (૧) થી (૩) ને અટક કર્યાનુ પંચનામુ | ૩૫ |
| ૪ | આરોપી નં. (૪) ને અટક કર્યાનુ પંચનામુ | ૩૭ |
| ૫ | મરણજનારનુ પી. એમ. કરતી વખતે લીધેલ નમુના કબજે કર્યાનુ પંચનામુ | ૪૭ |
| ૬ | ડી. ડી. લેવા માટેની યાદી | ૫૧ |
| ૭ | ડી. ડી. | ૫૨ |
| ૮ | એમ. એલ. સી. સર્ટીફીકેટ | ૫૮ |
| ૯ | પી. એમ. નોટ | ૬૩ |

| | | |
|---|---|---|
| ૧૦ | એફ. એસ. એલ. ઝેરશાસ્ત્ર વિભાગનો અહેવાલ | ૬૪ |
| ૧૧ | અસલ ફરીયાદ | ૯૧ |
| ૧૨ | કલમ ઉમેરો કરવા માટે કરેલ રીપોર્ટ | ૯૨ |
| ૧૩ | સારવાર સર્ટી. મેળવવા માટેની યાદી | ૯૩ |
| ૧૪ | લાશનુ પી. એમ. કરવાની યાદી | ૯૬ |
| ૧૫ | મરણોત્તર ફોર્મ | ૯૭ |
| ૧૬ | ડી. ઓ. નોંધવા બાબતનો પત્ર | ૧૦૯ |
| ૧૭ | સારવાર સર્ટી. મેળવવાની યાદી | ૧૧૦ |
| ૧૮ | ઈન્કવેસ્ટ ભરવાની યાદી | ૧૧૧ |
| ૧૯ | પી. એમ. મેળવવાની યાદી | ૧૧૨ |
| ૨૦ | મુદામાલનુ પૃથ્થકરણ કરી અભિપ્રાય આપવાનો ફોરવડીગ લેટર, રવાનગી નોંધ અને રવાનગી પત્રક | ૧૧૩ થી ૧૧૫ |
| ૨૧ | એફ. એસ. એલ. ની પહોંચ તથા અહેવાલ સાથેનો ફોરવર્ડીંગ લેટર | ૧૧૬ થી ૧૧૭ |

**B. Defence :**

| **Sr. No.** | **Exhibit Number** | **Description** |
|---|---|---|
| **-** | **-** | **-** |

**C. Court Exhibits :**

| **Sr. No.** | **Exhibit Number** | **Description** |
|---|---|---|

| | | |
|---|---|---|
| **-** | **-** | **-** |

## D. Material Objects :

| Sr. No. | Material Object Number | Description |
|---|---|---|
| **-** | **-** | **-** |

| GJGS010000942023 | દાખલ તારીખ : ૩૦.૦૧.૨૦૨૩<br>નોધ્યા તારીખ : ૩૦.૦૧.૨૦૨૩<br>નિર્ણય તારીખ : ૦૩.૦૮.૨૦૨૬<br>મુદત : વર્ષ–૦૩, માસ–૦૬, દિવસ–૦૪ |
|---|---|

**ગીર સોમનાથ જિલ્લાના સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ. વેરાવળ**

**સેશન્સ કેસ નં.૦૫/૨૦૨૩**
**આંક–**

**શ્રી સરકાર**

**.... ફરીયાદપક્ષ**

**વિરૂધ્ધ**

૧. **અજીતસિંહ જગદીશભાઈ ચાવડા,**
જાતે. અનુ. જાતિ, ઉ. વ. ૩૬, ધંધો. પ્રા. નોકરી,
રહે. મુળ તાલાલા સિધ્ધાર્થ પાર્ક સોસાયટી, નવા બસ સ્ટેન્ડ પાછળ, સજાવટ વિસ્તાર, તા. તાલાલા જી. ગીર સોમનાથ.
હાલ રહે. ભુજ બીકેટી કોલોની, ભુજ ભચાઉ રોડ, પધ્ધર ગામ પાસે. તા. ભુજ જી. કચ્છ.

૨. **રમેશભાઈ ભીમાભાઈ ચાવડા,**
જાતે. અનુ. જાતિ, ઉ. વ. પર, ધંધો. ડ્રાઈવીંગ,
રહે. ઘુંસીયા, વણકર વાસ પંડીત દિન દયાળ દુકાનની બાજુમા, તા. તાલાલા જી. ગીર સોમનાથ.

૩. **રાજનભાઈ જીવાભાઈ ચૌહાણ,**
જાતે. અનુ. જાતિ, ઉ. વ. ૩૨, ધંધો. પ્રા. નોકરી,

૪. **મનીષાબેન ડો/ઓ જગદીશભાઇ ચાવડા**
**વા/ઓ રાજનભાઇ જીવાભાઇ ચૌહાણ,**
રહે. બન્ને રાજકોટ, કાલાવડ રોડ, ફ્લેટ નં. ૧૧૦૨,
એપલ એલીંગજ, વ્રજભુમી સોસાયટી, ૦૨ ઇશ્વરીયા ગામ,
તા. પડધરી જી. રાજકોટ,
મુળ. પોરબંદર કડીયા પ્લોટ શેરી નં. ૨, નવી વણકરવાસ,
તા. જી. પોરબંદર.

**.... આરોપીઓ**

-------------------------------------

**ગુનો :** **ઇ. પી. કોડની કલમ–૩૦૬, ૫૦૬(૨), ૧૧૪**

-------------------------------------

ફરીયાદપક્ષ તરફે વિ. એડી. પી. પી. શ્રી જે. ડી. પાઠક
આરોપીઓ તરફે વિ. વ. શ્રી એમ. એન. ધોડકીયા

-------------------------------------

**:: જજમેન્ટ ::**

(૧) આ કામના ઉપરોકત નામ જણાવેલ આરોપીઓ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુના સબબ આંક–૦૫ થી તા.૨૫/૦૫/૨૦૨૩ નાં રોજ તહોમતનામું ફરમાવવામાં આવેલ.

**(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે :–**

**/એ/** આ કામના ફરીયાદી કાન્તાબેન વા/ઓ રતીલાલભાઇ નાજાભાઇ મકવાણા, જાતે. અનુ. જાતિ, ઉ. વ. ૪૫, ધંધો. ઘરકામ/ખેતી, રહે. ચિત્રાવડ વાડી વિસ્તાર, તા. તાલાલા જી. ગીર સોમનાથવાળી ઉપર જણાવેલ સ્થળે તેમના પતિ તથા તેમના પરિવાર સાથે રહે છે અને ઘરકામ ખેતી કામ કરે છે અને તેઓને ખેતીની આઠ વિધા જમીન ચિત્રાવડ ગામની સીમમા હરીપુર રોડ ઉપર આવેલ છે. તેમાં ખેતી કામ કરે છે અને તેઓની જમીનથી થોડી દુર તેમના સસરા નાજાભાઇ કચરાભાઇ મકવાણાની પેટ ખોરાકીની ત્રણ વિઘા જમીન અલગ રાખેલ હતી અને તે જમીન મા આંબાનો બગીચો હોય જેનો કબ્જો તેઓની

પાસે હતો અને તેમના સસરા નાજાભાઈ તેઓના જેઠ જે હાલ હયાત નથી તે દિલસુખભાઈના દિકરા પિયુસભાઈ સાથે રહેતા અને તેમના સસરાના ભાગે પેટ ખોરાકીની રાખેલ જમીન ત્રણ વિઘા જેઓએ બે મહીના પહેલા જગદિશભાઈ ચાવડા રહે. તાલાળા વાળાને વેચાણથી તેઓની જાણ બહાર જમીન વેચેલ છે અને તેમના સસરા જમીન વેચીને રાજકોટ ખાતે રહેવા જતા રહેલ છે અને તેઓએ જે જમીન વેચેલ તેના તેમના ભાગે આવતા કોઈ રૂપિયા તેઓને આપેલ નથી અને બે મહીના સુધી આ જમીન ખરીદ કરનાર જગદિશભાઈ ત્યા વાડીએ આવેલ નથી. ગઈ તા. ૦૭/૦૫/૨૦૨૨ ના શનિવારના સાંજના આશરે સાડા પાંચેક વાગ્યે તેમના સસરા નાજાભાઈના ભાગે આવેલ આબાના બગીચે ફરીયાદી એકલી હતી ત્યારે આ જમીન ખરીદ કરનાર જગદીશભાઈ ચાવડાની દિકરી મનિષાબેન જગદિશભાઈ ચાવડા તથા ધવલભાઈ જગદિશભાઈ ચાવડા તથા રમેશભાઈ ચાવડા તથા મનિષાબેનના પતિ બગીચાના ગેટ પાસે આવી ફરીયાદીને કહેવા લાગેલ કે, ''તને તારો પતિ જોઈએ છે કે જમીન જોએ છે.'' જેથી ફરીયાદીએ તેઓને કહેલ કે ''શુ થયુ'' તો તેઓએ જણાવેલ કે ''હુ જયાબેનની દિકરી છુ અને તમે મારા મામી થાવ, આ જમીન મારા મમ્મી જયાબેને લીધેલ છે. તમો આ જમીન ખાલી કરી નાખજો નહીતર તારા પતિ રતિભાઈને અમો જાનથી મારી નાખીશુ'' તેવી ધમકી આપેલ અને આ આ વાત બીજા કોઈને કહીશ તો તને પણ મારીને અહી દાંટી દેશુ તેવી ફરીયાદીને ધમકી આપેલ હતી, જેથી ફરીયાદી આ લોકોની ધમકીથી ડરી જતા તેઓએ કોઈને વાત કરેલ ન હતી અને આ લોકો તેઓને કહેતા કે, '' તુ દરવાજો ખોલ'' જેથી ફરીયાદીએ તેઓને કહેલ કે, ' મારી પાસે ચાવી નથી, તમે મારા પતિ પાસે જઈ વાત કરો'' અને તેઓએ ફરીયાદીના પતિના નંબર માંગતા નંબર આપેલા, જેથી આ લોકોએ તેમના પતિને ફોન કરતા ફોન લાગેલ નહી, જેથી ફરીયાદીને કહેલ કે, '' રતિભાઈને ફોન લાગતો નથી, તે કવરેજમા નથી'' તેમ કહી ફરીયાદીને અવાર નવાર દરવાજો ખોલવાનુ કહેતા ફરીયાદીએ દરવાજો ખૌલેલ નહી, જેથી તેઓ બુમો પાડતા આ લોકો ત્યાંથી જતા રહેલ અને આ લોકોએ ફરીયાદીને ધમકી

આપેલ હોય જેના ડરના કારણે ફરીયાદીએ કોઇને વાત કરેલ ન હતી અને આ બાબતની ફરીયાદીને અવાર નવાર વિચાર આવતા હોય અને આ લોકો ગામે ત્યારે હુમલો કરે તેવી ફરીયાદીને બીક લાગતા ફરીયાદીએ તેઓની વાડીએ ખેતરમાં છાંટવાની ઝેરી દવા બપોરના અઢી વાગ્યે પી જતા આ બનાવ બનેલ છે, જેથી આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર થવા ફરીયાદ આપેલ.

/બી/ ઉપરોકત હકીકતે ફરીયાદીએ તાલાલા પોલીસ સ્ટેશનના પો. હેડ કોન્સ. શ્રી કે. આર. કારીયા રુબરુ ફરીયાદ જાહેર કરતા તેઓના લખાવ્યા મુજબ ફરીયાદ હકીકત લખી લઈ, તેઓને વાંચી સંભળાવતા ફરીયાદીએ તેમની રુબરુ પોતાની સહી કરેલ અને રૂબરૂમાં ફરીયાદ લેનાર શ્રીએ પી. એસ. ઓ. ને મોકલી આપેલ, ત્યારબાદ પી. એસ. ઓ. એ ગુનો દાખલ કરી, આગળની તપાસ શ્રી કારીયાને સોંપતા તેઓએ તપાસ સંભાળી, તપાસના કામે બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરી, સાહેદોના નિવેદનો લઇ, આરોપીઓને સીઆર. પી. સી. કલમ–૪૧ મુજબની નોટીશ પાઠવેલ હતી. ત્યારબાદ ઈજાપામનારનુ મરણોન્મુખ નિવેદન લેવા માટે તજવીજ કરી, નિવેદન લેવડાવી, ફરીયાદી સારવાર દરમ્યાન ગુજરી જતા ઇ. પી. કોડની કલમ–૩૦૬ મુજબનો ગુનો બનતો હોય, કલમ ઉમેરાનો રીપોર્ટ તૈયાર કરી, આગળની તપાસ પી. એસ. આઇ. બાંટવાને સોંપેલ હતી. ત્યારબાદ શ્રી બાંટવાએ તપાસના કામે આરોપીઓને અટક કરી, મરણજનારની પી. એમ. નોટ તથા વીસેરા મેળવેલ અને કબજે લીધેલ મુદામાલને એફ. એસ. એલ. જુનાગઢ ખાતે પરીક્ષણ અર્થે મોકલી આપેલ. બાદમાં આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા તાલાલાના વિ. જયુડી. મેજી. ફ. ક. શ્રીની કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

(૩) તાલાલાના જયુડી. મેજી. ફ. ક. શ્રીની કોર્ટમાં ચાર્જશીટ રજુ થતા તે ફોજદારી કેસ નં.૪૯૫/૨૦૨૨ થી રજીસ્ટરે લઈ, આરોપીઓને તેમની વિરૂધ્ધના કેસ કાગળોની નકલો આપી, આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપીત ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા ફક્ત સત્ર અદાલતને હોય, સદર કેસ

ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૯ અન્વયે સેશન્સ કમીટ કરતા તે સેશન્સ કેસ નં.૦૫/૨૦૨૩ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

(૪) આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થતા તેઓને તેમની વિરૂધ્ધના કેસ કાગળોની નકલો મળી ગયાની ખાતરી કરી આરોપીઓ પોતાના સ્વ ખર્ચે વકીલ રોકી પોતાનો કાનુની બચાવ કરવા માગતા હોવાનું જાહેર કરતા આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત હકીકતે આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી વાંચી, સંભળાવતા આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા ફરીયાદપક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ. ત્યારબાદ ફરીયાદપક્ષે **ફોર્મ– સી** માં જણાવ્યા મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષનો ઉપરોકત પુરાવો પુરો થયા બાદ ફરીયાદપક્ષે વિધ્વાન એપીપીશ્રીએ આંક–૧૧૮ થી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરતી કલોઝીંગ પુરસીસ રજુ કરતા ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓને તેઓની વિરૂધ્ધ પડેલ પુરાવા અંગે ખુલાસો કરવાની પુરતી તક મળી રહે તે હેતુથી ક્રિ. પ્રો. કોડની કલમ ૩૧૩ અન્યે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષનો તમામ પુરાવો નકારી કાઢી પ્રોતે તદ્દન નિર્દોષ હોવાનું અને કોઈ ગુનો કરેલ નહી હોવા છતાં તેમજ તેઓ તદ્દન નિર્દોષ હોવાનું જણાવેલ છે. આરોપીએ જાતે સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે બચાવના કોઈ સાહેદો તપાસેલ નથી.

(૫) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ મૌખીક અને દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો તથા ફરીયાદી સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી જે. ડી. પાઠકને તથા બચાવપક્ષે આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી એમ. એન. ધોકડીયાની સુવિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રીની એવી રજૂઆત છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા. ૦૭/૦૫/૨૦૨૨ ના કલાક : ૧૭/૩૦ વાગ્યા

દરમ્યાન ચિત્રાવડ ગામની સીમ વિસ્તારમાં ફરિયાદીના સસરા નાજાભાઈના આંબાના બગીચાના ગેઈટ પાસે આવી ફરિયાદીને કહેવા લાગેલ કે ''તારે જમીન જોઈએ છીએ કે તારો પતિ'' તેમ કહેતા ફરિયાદીએ કહેલ કે ''શું થયું'' તો આ કામના આરોપીઓએ કહેલ કે ''આ જમીન તેના મમ્મીએ ખરીદી લીધેલ છે તમો આ જમીન ખાલી કરી નાંખજો નહીંતર તારા પતિને જાનથી મારી નાંખીશું'' તેમજ ''આ વાત કોઈને કરીશ તો તને પણ મારી અહીયા દાટી દેશું'' તેવી ધમકી આપી જતા રહેલ. જે બાબતના ફરિયાદીને અવાર નવાર વિચાર આવતા અને આ ધમકી સહન ન થતાં અને આ કામના આરોપીઓ ગમે ત્યારે હુમલો કરશો તેવી બીક લાગતાં ફરિયાદીએ પોતાની વાડીએ ગઈ તા. ૧૩/૦૫/૨૦૨૨ ના કલાક : ૧૫/૦૦ વાગ્યે પોતાની મેળે ઝેરી દવા પી જતાં મરણ ગયેલ છે અને તેમ કરીને આ કામના આરોપીઓએ ઈ. પી. કોડની કલમ–૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે અને તે પુરવાર કરવા સારૂ ફરીયાદપક્ષ દ્વારા જરૂરી દસ્તાવેજી અને મૌખીક પુરાવા રજૂ કરેલ છે અને તે પુરાવા ઉપરથી આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થયેલ હોય, આરોપીઓને કાયદામાં જણાવ્યા મુજબની સખતમાં સખત સજા કરવા રજૂઆત કરેલ છે.

(૭) જયારે બચાવપક્ષે આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી એમ. એન. ધોકડીયાનાએ આંક–૧૨૦ થી લેખિત દલીલો રજૂ કરીને એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીઓએ કોઈ ગુનો કરેલ નથી. આ કામના આરોપીઓને હાલના ગુનાના કામે ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. આ કામે ફરીયાદપક્ષ ધ્વારા જે પુરાવો રજૂ કરવામાં આવેલ છે, તે પુરાવાથી આ કામના આરોપીઓએ કોઈ ગુનો કરેલ હોય, તેવી કોઈ જ હકીકત પુરવાર થતી નથી. આ કામે ફરીયાદપક્ષ દ્વારા મરણજનારના પતિને આંક–૬૬ થી તપાસવામાં આવેલા છે. તેઓએ બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેમના પિતાએ જે જમીન વેચી તેના કોઈ પૈસા તેઓને આપેલ ન હતા તેમજ જમીન વેચાણ રાખનાર જયાબેન તા.૦૩.૦૫.૨૨ ના રોજ તેમના તથા તેમના પત્ની

વિરૂધ્ધ તાલાલા પો. સ્ટે. માં તેઓએ તેને જામીનનો ઈજારો આપેલ છે તેને ધમકી આપે છે તેવુ જણાવી અરજી કરેલ હતી તેમજ આ અરજી અનુસંધાને તા.૦૭.૦૫.૨૨ ના રોજ તાલાલા પો. સ્ટે. ખાતે તેઓને તથા તેમના મરણજનાર પત્નીને બોલાવવામાં આવેલા અને તેઓની વિરૂધ્ધ અટકાયતી પગલાના ભાગરૂપે ચેપ્ટર કેસ નં. ૩૭૦/૨૨ થી દાખલ કરેલ અને આ દિવસે તેઓએ જામીન આપેલા અને આખો દિવસ તાલાલા પોલીસ સ્ટેશને રહેલા. આમ, આ મરણજનારના પતિએ ઉલટતપાસમાં કરેલી સ્વીકૃત હકીકતથી તા.૦૭.૦૫.૨૨ ના રોજ તેઓ અને મરણજનાર આખો દિવસ તાલાલા પો. સ્ટે. માં જ હતા ત્યારે આ જ તારીખે આ કામના આરોપીઓએ ફરીયાદીને કોઇ ધમકી આપેલ હોય, તેવી હકીકત માની શકાય નહી અને તેથી ફરીયાદીની ફરીયાદ શંકાસ્પદ બની જાય છે.

વધુમા તેઓએ એવી હકીકત પણ જણાવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ દ્વારા ગુજરનારની પુત્રી હેમાલીબેનને તપાસવામાં આવેલા છે. તેઓએ બચાવપક્ષની ઉલટતપાસમા એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ પછી તેઓએ પોતાના નિવેદનમાં આ બનાવનુ કારણ એવુ છે કે, '' મારા દાદા નાજાભાઇએ આજથી બે મહીના પહેલા ત્રણ વિઘા ખેતીની જમીન વેચી નાખેલ હોય જેનુ લાગી આવતા પોતે પોતાની મેળે અમારી વાડી રહેણાંક મકાને મારી માતા કાન્તાબેને નંદીની ખેતરમા છાંટવાની ઝેરી દવા પી જતા મરણ ગયેલ છે. આમ, આ સાહેદના પુરાવા ઉપરથી પણ આરોપીઓ હાલના બનાવમાં સંડોવાયેલા હોય, તેવુ પુરવાર થતુ નથી. વધુમા ફરીયાદપક્ષ દ્વારા મરણજનારના સસરા નાજાભાઇ કચરાભાઇને આંક-૧૦૨ થી તપાસવામાં આવેલા છે. તેઓએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી. આમ, ફરીયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ તમામ પુરાવાથી તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ કોઇ બનાવ બનેલ હોય તેવી કોઇ હકીકત પુરવાર થતી નથી. આરોપીઓ બનાવના દિવસે બનાવ સ્થળે હાજર હોય તેવી પણ કોઇ જ હકીકત પુરવાર થતી નથી. ફરીયાદી તા.૧૯.૦૫.૨૦૨૨ ના રોજ ગુજરી ગયેલ હોય, પુરાવા અધિનિયમની

કલમ–૩૨(૧) ની જોગવાઇ અને ડી. ડી. માં જણાવ્યા મુજબની હકીત બન્ને બાબતો એકબીજાની વિરોધાભાસી હોય, જેથી પણ આ પુરાવો વિશ્વાસપાત્ર પુરાવો નથી, જેથી આ કામના આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા અરજ કરેલ છે.

(૮) રેકર્ડ ઉપરનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો, બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓએ કરેલ રજુઆતો, કેસની હકીકતો અને સંજોગો લક્ષમાં લેતા કેસના અંતીમ નિર્ણય માટે મારી સમક્ષ નીચેના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે.

**–// મુદ્ધાઓ //–**

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા. ૦૭/૦૫/૨૦૨૨ ના કલાક : ૧૭/૩૦ વાગ્યા દરમ્યાન ચિત્રાવડ ગામની સીમ વિસ્તારમાં ફરિયાદીના સસરા નાજાભાઈના આંબાના બગીચાના ગેઈટ પાસે આવી ફરિયાદીને કહેવા લાગેલ કે ''તારે જમીન જોઈએ છીએ કે તારો પતિ'' તેમ કહેતા ફરિયાદીએ કહેલ કે ''શું થયું'' તો આ કામના આરોપીઓએ કહેલ કે ''આ જમીન તેના મમ્મીએ ખરીદી લીધેલ છે તમો આ જમીન ખાલી કરી નાંખજો નહીંતર તારા પતિને જાનથી મારી નાંખીશું'' તેમજ ''આ વાત કોઈને કરીશ તો તને પણ મારી અહીયા દાટી દેશું'' તેવી ધમકી આપી જતા રહેલ. જે બાબતના ફરિયાદીને અવાર નવાર વિચાર આવતા અને આ ધમકી સહન ન થતાં અને આ કામના આરોપીઓ ગમે ત્યારે હુમલો કરશો તેવી બીક લાગતાં ફરિયાદીએ પોતાની વાડીએ ગઈ તા. ૧૩/૦૫/૨૦૨૨ ના કલાક : ૧૫/૦૦ વાગ્યે પોતાની મેળે ઝેરી દવા પી જતાં મરણ ગયેલ છે અને તેમ કરીને આ કામના આરોપીઓએ ઈ. પી. કોડની કલમ–૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુન્હો કરેલો છે ?

**૨.** શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો કારણો અને તારણો સાથે નીચે મુજબ છે.

/૧/ નકારમાં.

/૨/ આખરી હુકમ મુજબ.

**// કારણો //**

**(૧૦) મુદ્દા નં. ૧ :-**

ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાના સંદર્ભમાં કારણોની ચર્ચા કરતા પહેલા આરોપીઓ સામેના ઉપરોકત આક્ષેપો જોવામાં આવે તો આ કામના આરોપીઓએ ગઈ તા. ૦૭/૦૫/૨૦૨૨ ના કલાક : ૧૭/૩૦ વાગ્યા દરમ્યાન ચિત્રાવડ ગામની સીમ વિસ્તારમાં ફરિયાદીના સસરા નાજાભાઈના આંબાના બગીચાના ગેઈટ પાસે આવી ફરિયાદીને કહેવા લાગેલ કે ''તારે જમીન જોઈએ છીએ કે તારો પતિ'' તેમ કહેતા ફરિયાદીએ કહેલ કે ''શું થયું'' તો આ કામના આરોપીઓએ કહેલ કે ''આ જમીન તેના મમ્મીએ ખરીદી લીધેલ છે તમો આ જમીન ખાલી કરી નાંખજો નહીંતર તારા પતિને જાનથી મારી નાંખીશું'' તેમજ ''આ વાત કોઈને કરીશ તો તને પણ મારી અહીયા દાટી દેશું'' તેવી ધમકી આપી જતા રહેલ. જે બાબતના ફરિયાદીને અવાર નવાર વિચાર આવતા અને આ ધમકી સહન ન થતાં અને આ કામના આરોપીઓ ગમે ત્યારે હુમલો કરશો તેવી બીક લાગતાં ફરિયાદીએ પોતાની વાડીએ ગઈ તા. ૧૩/૦૫/૨૦૨૨ ના કલાક : ૧૫/૦૦ વાગ્યે પોતાની મેળે ઝેરી દવા પી જતાં મરણ ગયેલ છે અને તેમ કરીને આ કામના આરોપીઓએ ઈ. પી. કોડની કલમ-૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનાઓ કરેલાના આક્ષેપ છે, ત્યારે સૌપ્રથમ આ કલમના આવશ્યક તત્વો જોવામાં આવે તો :-

**૩૦૭. આત્મહત્યામાં મદદગારી :-**

કોઈ પણ વ્યક્તિ, આત્મહત્યા કરે તો તેને તેમ કરવામાં કોઈ વ્યક્તિએ મદદગારી કરી હોય તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**૫૦૬. ગુન્હાહિત ધમકીની સજા :–**

કોઇ પણ વ્યકિત, ગુન્હાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામા આવશે.

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વિગેરે કરવાની હોય તો :– જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારિત્ર્યહીનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**૧૧૪. ગુન્હો આચરવામાં આવે ત્યારે મદદગારની હાજરી :–**

પોતે હાજર ન હોય અને પોતે કરેલ મદદગારીનાં પરિણામે થયેલાં જે કૃત્ય માટે મદદગાર તરીકે કોઈ વ્યક્તિ સજાને પાત્ર થાય તેવું કૃત્ય પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુન્હો કર્યો છે તેમ ગણાશે.

આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત ગુન્હા સબબ કાયદાથી પ્રસ્થાપિત ઉપરોકત આવશ્યક તત્વ નજર સમક્ષ રાખી ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાની ચર્ચા કરવી જરૂરી માનુ છું અને તે સંદર્ભમાં રેકર્ડ પરનો પુરાવો જોતા ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં. (૧) પોલાભાઇ નાથાભાઇ મહીડાને આંક–૧૪ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, ગઈ તા.૧૯/૫/૨૦૨૨ ના રોજ સવારે સાત થી સાડાસાત વાગ્યે તેઓ કેશોદ સીવીલ હોસ્પીટલમાં તેમના કામ માટે ગયેલ હતા ત્યારે પોલીસે તેઓને એક લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવાનું છે તેવું કહેતા તેઓ તથા મંજુલાબેન

અમુલભાઈ ચાવડા સરકારી દવાખાનાના પી.એમ. રુમ પાસે ગયેલા ત્યારે કેશોદ પો.સ્ટેશન ડી.ઓ. નંબર–૪૯૯/૨૦૨૨ ના કામના મરણજનાર કાન્તાબેન વા.ઓ.રતિભાઈ નાજાભાઈ મકવાણા, જાતે–અનુસુચિતજાતી, ઉ.વ.૪૨, રે.ચીત્રાવડવાળાની લાશ પી.એમ. રુમ પાસે એક કપડું ઢાંકેલ હાલતમાં હતી. જે કપડું હટાવી જોતા સદરહું લાશ એક સ્ત્રી જાતીની હતી. લાશ ચત્તી હાલતમાં પડેલ હતી. લાશને અડતાં ઠંડી પડી ગયેલ હતી. જેનું માથુ ઉતર દીશા તરફ અને પગ દક્ષીણ દીશા તરફ હતા, બંને હાથ સીધા અને દક્ષીણ દીશામાં હતા, માથા પર કાળા વાળ હતા, આંખો અર્ધખુલ્લી હતી, મોઢું પણ અર્ધખુલ્લુ હતું, લાશ ઉપર ગુલાબી કુલડાવાળી ડીઝાઈનનું લીલા કલરનું ગાઉન પહેરેલ હતું તથા પીળા રંગની કોફી કલરની કુલડાવાળી ઓઢણી હતી. લાશ ઉપર ગુલાબી કલરનો ચણીયો પહેરેલ હતો. લાશ ઉપર કોઈ મારઝુડના નિશાન જોવામાં આવેલા ન હતા. પંચ નં.૨ ની હાજરીમાં લાશને તપાસતા ગુપ્તભાગે કોઈ ઈજાના નીશાન ન હતા તેમજ લાશ ઉપર કોઈ દરદાગીના કે ઝરઝવેરાત કે કોઈ રોકડ રકમ કે કોઈ અન્ય વસ્તુઓ ન હતી. આ લાશની પાસે એક ઈસમ હાજર હતા. તેઓની રુબરુમાં તેનું નામ પુંછતા તેણે પોતાનું નામ રતીભાઈ નાજાભાઈ મકવાણા, જાતે અનુસુચિત જાતી, ઉ.વ.૫૦, ધંધો–મજુરી, રે.ચીત્રાવડ, તા.તાલાળા વાળો હોવાનું જણાવેલું અને સદરહું લાશ પોતાના પત્નિ કાન્તાબેન વા.ઓ. રતીભાઈ નાજાભાઈ મકવાણાની હોવાનું ઓળખી બતાવેલું અને મરણ જનારનું મોત ઝેરી દવા પીવાના લીધે થયેલાનું જણાવેલું. આ રીતનું પંચનામુ તેઓની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબ પોલીસે લખી લઈ તેઓને વાંચી સંભળાવી તેઓની તેમાં સહી લીધેલ. જે પંચનામુ આંક–૧૫ થી રજૂ છે.

**(૧૦.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે,પોલીસે તેઓને તૈયાર લખેલ પંચનામામા સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલ હતી. વધુમા એવી હકીકત પણ કબુલ કરેલ છે કે, તેઓએ સહી કરી ત્યારે તેઓ અને પોલીસ સીવાય બીજુ કોઈ ત્યાં ન હતુ.

(૧૧) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૨) મુંજાભાઈ હાદાભાઈ સોંદરવાને આંક–૧૬ થી** તથા **બીજા પંચ સાહેદ નં. (૩) પ્રકાશભાઈ મુળશંકર મહેતાને આંક–૧૮ થી** તપાસવામાં આવેલા છે. આ બન્ને પંચ સાહેદોએ આંક–૧૭ થી રજૂ થયેલ સ્થાનિક જગ્યાના પંચનામામા પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય પંચનામાની કાર્યવાહીને લેશમાત્ર સમર્થન કરેલ ન હોવાથી ફરીયાદપક્ષ દ્વારા તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરીને લંબાણપુર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે, તેમ છતાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી.

(૧૨) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૪) હરીભાઈ નથુભાઈ સોંદરવાને આંક–૩૪ થી** તથા **બીજા પંચ સાહેદ નં. (૫)નીતીનભાઈ નાજાભાઈ સોંદરવાને આંક–૩૬ થી** તથા **સાહેદ નં. (૬) દુદાભાઈ હમીરભાઈ સોંદરવાને આંક–૪૪ થી** તપાસવામાં આવેલા છે. આ ત્રણેય પંચ સાહેદોએ આરોપીઓના અટક પંચનામામા પોતાની સહી પુરતુ સમર્થન કરેલ છે. આ સિવાય પંચનામાની કાર્યવાહીને લેશમાત્ર સમર્થન કરેલ ન હોવાથી ફરીયાદપક્ષ દ્વારા તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરીને લંબાણપુર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે, તેમ છતાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી.

(૧૩) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૭) સાલમભાઈ જુસબભાઈ મજગુલને આંક–૪૬ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ આંક–૪૭ થી રજૂ થયેલ મરણજનારના પી .એમ. કરતી વખતે લીધેલ નમુના કબજે કર્યાના પંચનામામા પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય પંચનામાની કાર્યવાહીને લેશમાત્ર સમર્થન કરેલ ન હોવાથી ફરીયાદપક્ષ દ્વારા તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરીને લંબાણપુર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે, તેમ છતાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી.

(૧૪) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૮) જયવંતભાઇ વીસામણભાઇ સીંધવને આંક–૫૦ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, સને ૨૦૨૨ ના અરસામાં તેઓ નાયબ મામલતદાર તરીકે તાલાળા મુકામે ફરજ બજાવતા હતા અને મામલતદારશ્રીના ચાર્જમાં પણ હતા ત્યારે તા.૧૩/૫/૨૦૨૨ ના રોજ તેઓને પોલીસ સ્ટેશન તાલાળાથી ફોન આવેલ કે સી.એચ.સી. તાલાળામાં એક દર્દી આવેલ છે તેનુ ડી.ડી. લેવાનું ટેલીફોનીક મેસેજ તેઓને ૬–૪૦ વાગે મળતા તેઓ ૬–૫૦ વાગે સી.એચ.સી. તાલાળા ખાતે પેશન્ટનું ડી.ડી. લેવા માટે પહોંચી ગયેલો અને ત્યાં આગળ પોલીસે તેઓને ડી.ડી. લેવા માટેનો લેખીતમાં પત્ર આપેલો જે તેઓએ રીસીવ્ડ કરેલ અને રીસીવ્ડ કર્યા બાબતની સહી કરેલ. ત્યારબાદ સદરહું યાદીમાં જે પેશન્ટનું નામ લખેલ હતું તે નામ કાન્તાબેન રતીલાલ મકવાણા હતું જેથી તે બાબતે તેઓએ સદરહુ હોસ્પીટલમાં ફરજ બજાવતા ડોકટર શ્રી હડીયલને મળેલો અને ડો.શ્રીને પુછેલ કે સદરહુ પેશન્ટ કયાં છે અને તે ભાનમાં છે કે કેમ ? જેથી ડો.શ્રી હડીયલે તેઓને જે કાગળમાં ડી.ડી. લેવાનું હતું તે કાગળમાં પેશન્ટ ભાનમાં છે અને પોતાનું નીવેદન આપી શકે તેવી સ્થીતીમાં છે તે બાબતનું લખાણ લખી આપેલ અને પેશન્ટ જે વોર્ડમાં હતું તે વોર્ડમાં તેઓને ડોકટરશ્રી ડી.ડી. માટે લઈ ગયેલ. તેઓ પેશન્ટના વોર્ડમાં ગયેલો ત્યારે તેના બે–ત્રણ સગા સબંધીઓ રુમમાં હાજર હતા તેઓને બહાર જવા માટે જણાવેલુ અને ત્યારબાદ કલાક ૬–૫૮ મીનીટે પેશન્ટનું ડી.ડી. લેવાનું શરુ કરેલ. જેમાં તેઓએ પેશન્ટને તેનું નામ પુછતા તેણે તેનું નામ કાન્તાબેન રતીલાલ મકવાણા હોવાનું જણાવેલ. ત્યારબાદ તેઓએ તેઓના પતિનું નામ પુછેલું જેમાં તેઓના પતિનું નામ રતીલાલ મકવાણા હોવાનું જણાવેલ. તેઓને તેમની ઉંમર પુછતા તેણીએ તેની ઉંમર ૪૫ વર્ષ હોવાનું જણાવેલ અને રહેઠાણનું સરનામું પુછતા ચીત્રાવડ, તા.તાલાળા જણાવેલ તેમજ તેઓના લગ્ન કેટલા વર્ષ પહેલા થયેલા તો તેઓએ ૨૪ વર્ષ પહેલા લગ્ન થયેલાની હકીકત જણાવેલી. તેમજ તેઓના બાળકો વીશે પુછતા તેઓને બે દીકરા અને એક દીકરી હોવાનું જણાવેલ. ત્યારબાદ તેઓને પુછેલ કે

હાલ તેઓ કયાં છો ? તો તેઓએ જણાવેલ કે તેઓ સરકારી દવાખાનામાં છે અને શુ કામ માટે છો તેવુ પુછતા તેઓએ ટુંકમા જણાવેલ કે તેઓએ રોગર તથા બીજી દવા પીધેલ છે. ત્યારબાદ તેઓએ પુછેલ કે તમને અહી કોણ લઈ આવેલ છે તો તેઓએ જણાવેલ કે તેમની દીકરી હેમાલી તેમને ૧૦૮ માં લઈ આવેલ છે. ત્યારબાદ બનાવ સમયે કોણ હાજર હતું તેમાં તેઓએ જણાવેલ કે તેમના બાળકો ત્યાં સુતેલા હતા. ત્યારબાદ બનાવમાં શું બનેલું તે બાબતે વિસ્તૃત વીગતમાં કહેવાનું જણાવતા તેઓએ જણાવેલ કે "મારા પતિના નામે આઠ વીધા જમીન ચીત્રાવડ ગામે આવેલ છે અને મારા સસરાનો બગીચો છે અને હું ત્યાં હાજર હતી ત્યારે બે વાગ્યાનો સમય હતો ત્યારે મનીષાબેન તથા મનીષાબેનના કાકા રમેશભાઈ તથા ભાઈ ધવલભાઈ અને મારા પતિ ત્યાં બગીચામાં આવેલા અને મને ધમકી આપેલ કે તારે જમીન જોઈએ છે કે પતિ જોઈએ છે ? જેથી મેં બુમાબુમ કરેલી અને આ બધા મને મારી નાંખવાના ઈરાદે ત્યાં આવ્યા હતા અને આ બધા લોકોએ મારુ વીડીયો શુટીગ કરેલ છે મેં રાડો પાડતા આ બધા ત્યાંથી જતા રહેલા અને આ લોકો સાથે મારે કેસ ચાલુ છે, મેં વાડીએ જઈને આ રોગર તથા બીજી દવા પીધેલી છે મને ઉલ્ટી થયેલી અને સહન ન થતા મારી દીકરી સાથે હોસ્પીટલે આવેલ છું." ત્યારબાદ તેઓએ વિશેષમાં કાંઈ કહેવાનું છે તેવુ પુછતા તેમણે એવુ કહેલ કે ''મારા સસરાનો બગીચો છે તે મનીષાના પપ્પાએ ખરીદેલો છે અને તે ખાલી કરાવવા માટે કહેવા આવ્યા હતા. આ લોકોને મારા જેઠાણી તથા તેઓના દીકરા મોકલે છે અને મારા જેઠ ગુજરી ગયેલ છે." સદરહુ નિવેદન લઇ તે નિવેદન દર્દીને વાંચી સંભાળી તેમાં સહી લઇ, આ સાહેદે પોતાની સહી કરેલી. વધુમા આ સાહેદના પુરાવામાં ડી. ડી. લેવા માટેની યાદી આંક–પ૧ થી તથા ડી. ડી. આંક–પર થી રજૂ કરેલ છે.

**(૧૪.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, તેઓ હોસ્પીટલ ગયા ત્યારે પેશન્ટ જનરલ વોર્ડમા હતુ. વધુમા એવી હકીકત પણ કબુલ કરે છે કે, જનરલ વોડમા એકથી વધુ પેશન્ટ તથા માણસો હોય છે. આગળ એવુ પણ સ્વીકારે છે કે, તેઓ

વોર્ડમા ગયા ત્યારે પેશન્ટના કેટલા માણસો સગા હતા અને કોણ હતા તે તેઓ કહી શકે નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે તે બાબતે તેઓએ કોઇ પુછપરછ કરેલ નથી. આગળ એવુ કબુલ કરે છે કે,તેઓએ જે કાગળ પર ડી. ડી. લીધેલ છે તે પ્રિન્ટેડ ફોર્મ છે. આગળ એવુ પણ કબુલ કરે છે કે, આ પ્રિન્ટેડ ફોર્મમા જે ખાલી જગ્યાઓ છે તે ખાલી જગ્યાઓ તેઓએ પુછીને ભરેલી છે. આગળ એવુ પણ કબુલ કરે છે કે, તેઓએ જયારે ડી. ડી. લીધુ તે સમય દરમ્યાન ડોકટરશ્રી હાજર ત્યાં ન હતા. આગળ એવુ સ્વીકારે છે કે, ડોકટરશ્રીએ દર્દી ભાનમા છે તેવો અભિપ્રાય આપી તેઓની સહી કરેલ છે ત્યાં તેઓએ કોઇ સમય લખેલો નથી. વધુમા એવુ પણ સ્વીકારે છે કે, તેઓએ ડી. ડી. લીધા બાદ દર્દીને આ ડી. ડી. ના દરેક પ્રશ્ન વંચાવ્યા અને વંચાવી બતાવેલા.

(૧૫) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૯) અક્ષયકુમાર જેન્તીલાલ હડીયલને આંક–૫૭ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, તા.૧૩.૦૫.૨૦૨૨ ના રોજ તેઓ સામુહીક આરોગ્ય કેન્દ્ર તાલાલા ખાતે ફરજ બજાવત હતા તે દરમ્યાન કાન્તાબેન રતીલાલ મકાવાણા સાંજના ૬/૪૫ વાગ્યે સારવાર માટે આવેલ હતા. દર્દીને પુછતા તેમણે ચિત્રાવડ ગામે તેમના ઘરે દવા પીધેલ હોવાનુ જણાવેલ હતુ. દર્દી આવેલ ત્યારે સંપુર્ણ ભાનમાં હતા. દર્દીને તપાસતા તેમનુ શરીરનુ તાપમાન નોર્મલ હતુ, નાળીના ધબકારા ૭૬ દરેક મીનીટના હતા તથા બ્લડ પ્રેશર ૧૧૦/૭૦ હતુ. દર્દીની આંખની કીકી મોટી હતી તથા તેમાં લાઇટ પાડતા તે રીએકટ કરતી હતી. ત્યારબાદ દદીને તા.૧૫.૦૫.૨૦૨૨ ના રોજ તેનુ સીરમ ક્રીએટીનીટી વધુ હોવાના કારણે કીડનીની તકલીફ જણાતા તેને વધુ સારવાર માટે આગળ મોકલવામાં આવેલ. વધુમા આ સાહેદના પુરાવામાં એમ. એલ. સી. સર્ટી. આંક–૫૮ થી રજૂ કરેલ છે.

(૧૫.૧) આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે,ક તેઓ ઝેરી દવા પીનારની સારવાર કરવા માટેનો નિષ્ણાંત ડોકટર નથી. આગળ એવી હકીકત પણ કબુલ કરેલ છે કે કોઇ

વ્યકિતએ દવા ઝેરી પીધી હોય તો તેને સમાન્ય રીતે ચકકર આવવા અને વોમીટીગની ફરીયાદ તથા ઝાંખુ દેખાવુ તેવા સામાન્ય લક્ષણો રહેતા હોય છે. આગળ એવુ પણ કબુલ કરે છે કે, હાલના દર્દીએ કેટલા પ્રમાણમા દવા પીધી હતી તે હકીકત તેઓએ તેમના એમ. એલ. સી.સર્ટી. મા જણાવેલ નથી. વધુમા એવુ પણ સ્વીકારે છે કે, કોઇ વ્યકિતએ વધુ પ્રમાણમાં ઝેરી દવા પીધી હોય તો તે અનકોન્સયસ થાય અને કોમામા પણ જતો રહે. આગળ એવુ પણ કબુલ કરે છે કે, તેઓએ તેમની સરતપાસમાં એવુ લખાવેલ છે કે, '' દર્દીને સીરમ ક્રીએટીનીટી વધુ હોવાના કારણે કીડનીની તકલીફ જણાતા તેને વધુ સારવાર માટે આગળ મોકલવામાં આવેલ હતા. '' સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, કદાચ ઝેરી દવા વધુ પીવાના કારણે હોય શકે. વધુમા એવી હકીકત પણ કબુલ કરે છે કે, દર્દીને જુની કોઇ કીડનીની બીમારી હોય તે બાબતની તેઓએ હીસ્ટ્રી લીધેલી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેણે તે બાબતે કાંઇ જણાવેલ ન હોય જેથી તેઓએ લખેલ નથી. આગળ એવુ પણ કબુલ કરે છે કે, કદર્દી હાયર સેન્ટરમાં પ્રોપર સારવાર ન લે તો પણ તેનુ મૃત્યુ થઇ શકે.

(૧૬) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૧૦) રેયાભાઇ મલાભાઇ કોડીયાતરને આંક–૬૨ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, તેઓ તા.૧૯/૫/૨૨ ના રોજ સરકારી હોસ્પીટલ કેશોદ ખાતે મેડીકલ ઓફીસરની તેઓની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન શ્રી એસ.યુ.દલ, પો.હેડ કોન્સ. કેશોદ પોલીસ સ્ટેશનનાઓ એક લેખીત યાદી તેમજ ઇન્કવેસ્ટ પંચનામાની કાર્બનકોપી તેમજ મરણોતર ફોર્મ સાથે એક સ્ત્રી લાશને પી.એમ. માટે તેઓની સમક્ષ લાવેલ. જે લાશ તેઓએ પી.એમ. માટે સવારના ૬–૫૦ વાગે સ્વીકારેલી અને આ જ દીવસે સવારના ૧૦–૦૦ વાગ્યે પી.એમ. શરુ કરી ૧૧–૩૦ વાગે પી.એમ. પુર્ણ કરેલું. સદર લાશ ઓળખાયેલી સ્ત્રીની લાશ હતી. તેમની બાહય તપાસ કરતા તેમની ઉંમર આશરે ૪૦ થી ૪૫ વર્ષ હતી, માથા પર લાંબા કાળા વાળ હતા અને તેઓએ લીલા જેવા કલરનું કુલોની પેટર્ન વાળુ ગાઉન પહેરેલ હતું તેમજ ગુલાબી કલરનો ચણીયો પહેરેલ હતો તથા બ્લેક કલરની

દોરી ગળામાં પહેરેલ હતી તથા કપડાઓ લોહી કે બીજી કોઇ વસ્તુ થી ખરડાયેલ ન હતા. તેમનું ઓળખનું નીશાન જમણા હાથની કલાઇ પર અંગ્રેજીમાં N R લખેલ ટેટુ હતું, તેઓની બોડી ઓળખાયેલી હતી, શરીરની તપાસ કરતા તેઓનો બાંધો મધ્યમ કદનો હતો, શરીરને સ્પર્શ કરીને જોતા ઠંડુ હતું. શબ અકડાઇ જવાની પ્રક્રીયા શરુ થઇ ન હતી તથા પાછળના ભાગે પી.એમ. લીવીડીટી આવી ગયેલ હતી તેમની આંખો બંધ હતી, કીકીઓ પહોળિ થઇ ગયેલ હતી તથા ફીકસ હતી. મુખ અધખુલ્લું હતું. જીભ મોઢાની અંદર હતી. નાકમાંથી અને કાનમાંથી કોઈ પ્રવાહી આવતુ હતું. ચામડી પર કોઈ જડચર પ્રાણીના કરડવાના નીશાન કે કરચલી પડેલી ન હતી. કરતા હબી જવાના કોઈ લક્ષણો ન હતા. બાહ્ય તપાસ કરતા કોઈ ઈજાના નીશાન શરીર બાહ્ય જનનેન્દ્રીયને તપાસ કરતા કોઈ ઈજા કે રેચના નીશાન ન હતા. શરીરની તપાસ કરતા ડુબી જવાના કોઇ લક્ષણો ન હતા. બાહ્ય તપાસ કરતા કોઇ ઈજાના નિશાન શરીર પર જોવામાં આવેલ ન હતા. શબની આંતરીક તપાસ કરતા માથાના ભાગે કોઈ ઈજા જોવા મળેલ ન હતું. છાતીના ભાગે તપાસ કરતા કોઈ ફેકચર જોવા મળેલ ન હતુ. ફેફસાના પડદાની તપાસ કરતા તે સંકોચાયેલા હતા. હૃદયની તપાસ કરતા કોઈ અસામાન્ય બાબત જણાયેલ નહી. પેટની આંતરીક તપાસ કરતા પેટનું અંદરનુ આવરણ ઈન્ટેક હતું(તુટેલુ ન હતુ). ઉદરના ભાગે કોઇ અસામાન્ય પ્રવાહી ભેગુ થયેલ ન હતું. મોઢાની તપાસ કરતા મોઢુ અર્ધખુલ્લુ હતું તથા જીભ મોઢાના અંદરના ભાગે હતી. અન્નનળી કરતા તે ખાલી હતી. હોજરીની આંતરીક તપાસ કરતા તેમાં પ્રવાહી જેવું મટીરીયલ હતું જેમાંથી લસણ જેવી વાસ આવતી હતી. નાના આંતરડાની તપાસ કરતા અર્ધપાચન થયેલો ખોરાક હતો, જેમાંથી લસણ જેવી વાસ આવતી હતી. મોટા આંતરડાની આંતરીક તપાસ કરતા મળ તથા ગેસ થી ફુલાયેલુ જોવા મળેલ હતું. યકૃત તથા પીતાશયની તપાસ કરતા તે સંકોચાયેલા હતા. અન્નાશય અને અધીવૃકોની તપાસ કરતા તેઓ નોર્મલ હતા. બરોડની તપાસ કરતા તે કન્જેસ્ટેડ હતી. મુત્રપીડોની તપાસ કરતા સામાન્ય હતા. પેશાબની

કોથળિ ખાલી હતી. જનનેન્દ્રય ના ભાગે કશું અસામાન્ય ન હતું. ઉપરોકત શબ પરીક્ષણ કર્યા પછી નમુનાઓ એફ.એસ.એલ. રીપોર્ટ માટે લેવામાં આવેલ હતા. સદરહુ લાશની કરોડની તપાસ કરતા કશુ અસામાન્ય જણાયેલુ નહી. મૃત્યુના સંભવીત કારણ સંદર્ભે એફ.એસ.એલ.નો નમુના સંદર્ભનો એહેવાલ આવતા સુધી અભીપ્રાય આપવાનું મુલત્વી રાખેલ.વધુમા આ સાહેદ એફ. એસ. એલ. નો અભિપ્રાય વંચાણે લઇને જણાવે છે કે, રીપોર્ટમાં જણાવ્યા મુજબ નમુનો–૧ કે જે એફ. એસ. એલ. માર્ક–એ તરીકે સ્વીકારેલ અને નમુના। નં. ૨ કે જે એફ. એસ. એલ. એ માર્ક–બી તરીકે સ્વીકારેલ છે તે બન્ને નમુનાઓમાં 'ફલોરપાઈરીફોર્સ નામના ઓર્ગેનો થાયો ફોસ્ફરસ'' પ્રકારના રાસાયણિક ઝેરની હાજરી મળેલાનુ જણાય છે. આમ, મરણજનારનુ મૃત્યુ રાસાયણિક ઝેરના કારણે થયેલ હતુ. વધુમા આ સાહેદના પુરાવામાં આંક–૬૩ થી પી. એમ. નોટ તથા આંક–૬૪ થી એફ. એસ. એલ. નો ઝેરશાસ્ત્ર વિભાગનો અહેવાલ રજૂ થયેલ છે.

**(૧૬.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમા એવી હકીકત કબુલ કરેલ છે કે, સામાન્ય રીતે ઇન્કવેસ્ટ પંચનામુ કર્યા બાદ મૃતદેહ પી. એમ. માટે સોંપવામાં આવે છે. આગળ એવી હકીકત કબુલ કરે છે કે, મૃતદેહ સવારે ૬/૫૦ કલાકે મળેલો. સાહેદ જણાવે છે કે, હાલના કીસ્સામાં મૃતદેહ હોસ્પીટલ લઇ જવામાં આવવામાં આવેલો અને બાદમાં હોસ્પીટલની અંદર ઇન્કવેસ્ટ પંચનામુ ભરી, મરણોત્તર ફોર્મ તૈયાર કરી પી. એમ. માટેની આગળની કાર્યવાહી કરવા રીપોર્ટ આપવામાં આવેલો. વધુમા આ સાહેદ જણાવે છે કે, હાલના કીસ્સામા તેઓની જાણ મુજબ મરણજનારને પ્રથમ ખાનગી હોસ્પીટલમાં સારવાર માટે લઈ જવામાં આવેલ હતા અને ત્યાં તેણીની સારવાર દરમ્યાન મૃત્યુ થતા ખાનગી હોસ્પીટલમાંથી લાશને સરકારી હોસ્પીટલમાં લાવવામાં આવેલ હતુ. વધુમા આ સાહેદ ઉલટતપાસમાં મરણજનારનુ કયા સમયે અવશાન થયેલ તે અંગેના કોઈ ચોકકસ સમય પી. એમ. નોટમાં જણાવેલ નથી, તેના જવાબમાં જણાવે છે કે, ઇન્કવેસ્ટ પંચનમાની અંદર મરણ જવાનો સમય આશરે સાત વાગ્યા હેલાના કોઇપણ

સમયનો હોવાનુ જણાવેલ હતુ અને પી. એમ. દરમ્યાન શરીર અકડાય જવાની પ્રક્રીયા શરુ થયેલ ન હતી. આથી મરણજનારની લાશનુ પી. એમ. શરુ કરવામાં આવ્યુ તે અગાઉના આશરે ચારથી છ કલાક પહેલા મૃત્યુ થયેલુ તેમ કહી શકાય. વધુમા આ સાહેદ ઉલટતપાસમાં કોઈપણ વ્યકતી ઝેરી પ્રવાહી પીવે તો તેના શરીર ઉપર આવા ઝેરી પદાર્થ પીવાના કોઈ ચીન્હો જોવા મળે, તેના જવાબમાં જણાવે છે કે, કોઇ વ્યકતી જયારે ઝેરી પદાર્થ પીવે અને સારવાર ચાલુ કરવામાં આવે તો આઠ થી બાર કલાક પછી ઝેરી પદાર્થ પીવાના નીશાનો આપોઆપ જતા રહે(લુપ્ત થઈ જાય) અને જોવા મળે નહી, તે કારણે જોવા મળેલા નથી. વધુમા આ સાહેદે વીશેરાના જે નમુના લીધા તે કેટલા પ્રમાણમાં લીધા તેવુ તેઓએ તેમની પી.એમ. નોટમાં જણાવેલ નથી, તેના જવાબમાં જણાવે છે કે, આ વીગત તેઓએ નમુના સાથેનો જે ફોરવડીંગ લેટર મોકલેલો તેમાં જણાવેલી છે. ઝેરી પદાર્થ કેટલા પ્રમાણમાં પીધેલુ છે પી.એમ. નોટમાં જણાવેલ નથી, તેના જવાબમાં જણાવે છે કે, પી.એમ. દરમ્યાન ચોકકસ પીધેલ પ્રવાહી જેમનુ તેમ શરીરમાં પડી રહેલ જોવા મળિ શકે નહી તેથી આ માપવુ શક્ય નથી, પરંતુ કોઈ ઝેરી પદાર્થની હાજરી સબંધીત અંગોમાં છે કે કેમ તેની ચકાસણી માટે જ વીશેરા એફ.એસ.એલ. તરફ મોકલવામાં આવતા હોય છે અને પી.એમ. દરમ્યાન આવા વીશેરા યોગ્ય રીતે લાશમાંથી મેળવી શીલબંધ બરણીમાં ફોરવડીંગ લેટર સાથે એફએસએલ તરફ મોકલવા તેઓએ ત.ક.અ.ને સુપ્રત કરેલા હતા.વધુમા આ સાહેદ એવી હકીકત કબુલ કરે છેકે, તેઓએ કોઝ ઓફ ડેથ જણાવ્યુ તે એફ.એસ.એલ.ના રીપોર્ટ આધારે જણાવેલ છે.

(૧૭) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૧૧) રતીભાઈ નાજાભાઈ મકવાણાને આંક–૬૬ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, આજથી બે વર્ષ પહેલા તેમના પત્ની કાંન્તાબેન દવા પી ગયેલા. તેઓ તેમના સસરાના ધરે ગયેલ હતા અને ત્યા તેમના છોકરાઓએ ફોન કરેલો તેથી આ વાતની ખબર પડેલી. તેમના છોકરાઓનો ફોન આવતા તેઓ તેમના સસરાના ધરેથી તેમના ધરે આવેલો. પછી તેઓ દવાખાને

ગયેલો. તેઓ ગયા ત્યારે મામલતદાર આવેલા હતા અને તે અંદર હતા જેથી તેઓને જવા દીધેલો નહી અને મામલતદાર ગયા પછી તેઓને અંદર જવા દીધેલો અને તેઓએ અંદર જઇ તેમની પત્નીને પુછેલુ કે આ બધુ શું થયુ તો તેમના પત્ની એ કહેલ કે, ''મને જગદીશભાઇના છોકરાએ, છોકરીએ અને તેમના કાકાએ ધમકી આપેલી કે, '' જમીન જોઇએ છીએ કે ધણી ''''. તેઓએ તેમની પત્નીને કહેલ કે, '' આવુ કરાય નહી'', તો તેણે કહેલ કે, ''મારી ભુલ થઇ ગય''. તેઓની પત્ની એ આવુ કહેલ પછી ડોકટર આવ્યા અને તેઓને બહાર જવાનુ કહેતા તેઓ બહાર નીકળેલ અને બહાર બેસેલ. કલાક પછી તેઓને જણાવેલુ કે ''હવે આરામ છે.'' બીજા ત્રીજા દીવસે તેમના પત્નીને હોસ્પીટલમાંથી રજા આપી અને બીજા દવાખાને લઇ જવાનુ જણાવેલુ જેથી તેમની પત્નીને ચોરવાડ દવાખાને લઇ ગયેલા. ચોરવાડ દવાખાનાથી પણ તેઓને રજા આપી કેશોદ લઇ જવાનુ કહેવાથી તેઓ તેમના પત્નીને કેશોદ દવાખાને લઇ જતા હતા તે દરમ્યાન રસ્તામા તેણી તા.૧૯ મી ના રોજ અવશાન પામેલી. કેશોદ સરકારી દવાખાને તેમની પત્નીનુ પીએમ કરાવેલુ અને પીએમ બાદ લાસ તેઓને સોંપતા રીવાજ મુજબ અગ્ની સંસ્કાર કરેલો. તેમની પત્નીને હાલનો બનાવ બનેલ તે પહેલા છ–સાત દીવસ પહેલા ધમકી આપેલી. તેમની પત્ની આ છ–સાત દીવસ દરમ્યાન ગુમસુમ રહેતી હતી તેથી તેઓ તેને પુછતો તો તબીયત સારી નથી અને કેમ ગુમસુમ રહે છે તો તેણે તે સમયે તેઓને કહેલ કે, ''મને કાંઇ વાંધો નથી.''

(૧૭.૧) આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે,તેમના પિતા નાજાભાઇને આશરે સત્યાવીશ વીઘા જેટલી જમીન આવેલી હતી. આગળ એવી હકીકત પણ કબુલ કરે છે કે, આ જમીનમાંથી તેઓ ત્રણેય ભાઇઓને તેમના પિતાએ આઠ–આઠ વીઘા જમીન આપેલી છે. એ વાત પણ કબુલ કરે છે કે, તેમના પિતાએ તેઓ ભાઇઓને જે જમીન આપેલી છે તે જમીનના રેવન્યુ રેકર્ડમા તેમના નામ છે અને કબ્જો પણ તેઓ ભાઇઓ પાસે છે. આગળ એવુ પણ કબુલ કરે છે કે, તેમના પિતાએ ઉપરોકત જમીનની વહેચણી કર્યા બાદ ચીત્રાવડ

મુકામે બાકી રહેતી જમીન કે જેના રેવન્યુ સર્વે નંબર ૧૫૯/૧/પૈકી ૨, હેકટર ૦–૪૮–૫૬, તેમના પિતાએ પોતાની પેટ ખોરાકી પાસે પોતા પાસે રાખેલી. એવુ પણ કબુલ કરે છે કે, આ જમીન તેમના પિતાના સ્વતંત્ર નામે આવેલ હતી. વધુમા આ સાહેદને ઉલટતપાસ દરમ્યાન આ જમીન તા.૨૨/૨/૨૦૨૨ ના રોજ તમારા પિતાએ રજી.દસ્તાવેજથી જયાબેન જગદીશભાઇ ચાવડાનાઓને વેચાણ આપેલી છે અને તેનો આ દસ્તાવેજ ની આ ખરી નકલ છે તે બાબતનો તમને ખ્યાલ છે? તેના જવાબમા જણાવે છે કે, તેનો તેઓને ખ્યાલ નથી. વધુમા એવુ કબુલ કરે છે કે, તેઓને બતાવવામા આવેલ તે દસ્તાવેજના આધારે રેવન્યુ રેકર્ડમા જે ફેરફાર નોંધ થઇ તે સંબંધે તેઓએ વાંધા રજુ કરેલા. આગળ એવુ પણ સ્વીકારે છે કે, તેઓએ રજુ કરેલા વાંધા ના મંજુર થયેલ અને તેઓને બતાવવામા આવેલ વેચાણ દસ્તાવેજના આધારેની ફેરફાર નોંધ મંજુર થયેલ. આગળ એવુ કબુલ કરે છે કે, તેઓએ આ ફેરફાર નોંધ નંબર ૧૦૬૪૭ સામે આર.આર.ટી.અપીલ નં–૧૪/૨૨ થી કલેકટરશ્રી ગીર સોમનાથ સમક્ષ અપીલ કરેલી. એવુ પણ પણ સ્વીકારે છે કે, તેઓએ દાખલ કરેલ આર.આર.ટી.અપીલ નં–૧૪/૨૨ ની નામંજુર થયેલ અને ખરીદનારની તરફેણમા ચુકાદો આવેલ. વધુમા એવુ પણ કબુલ કરે છે કે, તેઓની અપીલ નામંજુર થતા હાલમા ખરીદનારનુ નામ રેવન્યુ રેકર્ડમા ચડી ગયેલ છે. વધુમા એવુ પણ કબુલ કરે છે કે, તાલાળાની કોર્ટમા દસ્તાવેજ રદ કરવા જયાબેન દુદાભાઇ મકવાણા વિ.વિરૂધ્ધ આ સાહેદે દીવાની મુકદમા નંબર ૧૪૮/૨૦૨૨ થી દાવો દાખલ કરેલ છે. એવુ પણ સ્વીકારે છે કે, આ દાવો હાલમા ચાલુ છે. આગળ કબુલ કરે છે કે, તેમના પિતાએ જે જમીન વેચી તેમાથી તેઓને કોઇ પૈસા આપેલ ન હતા. વધુમા કબુલ કરે છે કે, જમીન વેચાણ રાખનાર જયાબેને તા.૩/૫/૨૦૨૨ ના રોજ તેમના તથા તેમની પત્ની વિરૂધ્ધ તાલાળા પોલીસ સ્ટેશનમા, તેઓ તેણીએ જેને જમીનનો ઇજારો આપેલ છે તેને ધમકી આપીએ છીએ તેવુ જણાવી, અરજી કરેલ હતી. આગળ એવુ પણ સ્વીકારે છે કે, આ અરજી અનુસંધાને તા.૭/૫/૨૦૨૨ ના રોજ તાલાળા પોલીસ સ્ટેશન ખાતે તેઓને તથા

તેમના ગુજરનાર પત્નીને બોલાવવામા આવેલા. એવુ પણ કબુલ કરે છે કે, તાલાળા પોલીસે તેમના વિરૂધ્ધ અટકાયતી પગલાના ભાગરુપે ચેપ્ટર કેસ નં–૩૭૦/૨૨ થી દાખલ કરેલો. વધુમા એવુ પણ કબુલ કરે છે કે, આ દીવસે તેઓએ જામીન આપેલા અને આખો દીવસ તાલાળા પોલીસ સ્ટેશને રહેલા. વધુમા સ્વીકારે છે કે, તેમના પત્ની હોસ્પીટલમા હતા તેથી તેની દેખરેખ રાખવા તેઓએ સતત હોસ્પીટલે હાજર રહેતો. વધુમા સ્વીકારે છે કે, તા.૧૩/૫/૨૦૨૨ ના રોજ તેમના પત્નીને દાખલ કરેલા. આગળ એવુ પણ કબુલ કરે છે કે, હાલના જે તહોમતદારો છે તે પૈકી કોઇએ તેમના પિતાની જમીન ખરીદ કરેલ નથી.

(૧૮) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૧૨) દિપકભાઇ રતીલાલ મકવાણાને આંક–૭૧ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, તેઓ ચિત્રાવડ ગામે રહે છે. તેમના પરીવારમા તેમના પીતા તેમની માતા કાંતાબેન અને તેમના મોટાભાઇ દિપકનાઓસાથે તેઓ વાડીયે રહેતા હતા, આ દરમીયાન તા–૧૩/૦૫/૨૦૨૨ ના રોજ તેમના પીતા સોંદરડા ગામે ગયેલ હતા. તેઓ તેમની માતા અને તેમની બહેન તેઓની વાડીયે હતા. આ સમયે તેમની માતાએ દવા પિધેલી. આ સમયે સાંજના ૦૪:૩૦ નો સમય થયેલ હશે. તેમનો બગિચો છે ત્યા તેમની માતા ગયેલ અને તેમની માતા ઉલ્ટી કરતા હતા અને તેમની બહેન ત્યા હાજર હતી. તેમની બહેને કહેલ કે," મમ્મી ઉલ્ટી કરે છે" તેથી તેઓએ એમ્બ્યુલન્સને ફોન કરેલો અને તેમની બહેને તેમના પીતા ને જાણ કરેલી. ત્યારબાદ તેઓ અને તેમની બહેન બાઇક લઇને હોસ્પીટલ જવા નિકળેલા. રસ્તામા ચિત્રાવડ ગામની પહેલા હનુમાનની ઘાટે એમ્બ્યુલન્સ સામે મળતા તેઓ તેમની માતાને એમ્બ્યુલ્ન્સમા બેસડી તાલાલા સરકારી હોસ્પીટલમા લઇ ગયેલા. સરકારી હોસ્પીટલએ તેમની માતાની સારવાર કરી બાદ તેમની માતાને અમે પુછેલ કે," આમ શા માટે કર્યુ" તો તેમની માતાએ કહેલ કે, ''જગદીશભાઇ ચાવડા કે જેમણે મારા દાદાની જમીન લિધેલ છે તે જમીન ઉપર મારી માતા હાજર હતા ત્યારે જગદીશભાઇનો પુત્ર, દીકરી, જમાઇ, ભાઇ ત્યા આવેલા અને તેમણે મારા માતાને ધમકી આપેલ કે "જમીન જોઇયે કે ધણી"

અને તેમ કહી તેમણે મારી માતાને તથા મારા પીતાને મારી નાખવાની ધમકી આપેલી'' તેવુ તેમની માતાએ જણાવેલ અને કહેલ કે આ કારણથી તેઓને ડર લાગતા તેઓએ ઝેર પીધેલ છે. તા–૦૭/૦૫/૨૦૨૨ના રોજ તેઓ તેમના દાદાની જમીન પર હાજર હતો ત્યારે બપોરના સાડા અગીયાર–બાર વાગ્યે ત્યા કોઈ બહેન અને ભાઈ આવેલા અને કહેલ કે"દરવાજો ખોલો અને અહીથી જતા રહો" અને બાજુમા વંડી હતી તેનો પથ્થર પછાડી અંદર આવવાનો પ્ર્યત્ન કરેલો અને ત્યારબાદ ત્યાથી જતા રહેલા. જગદીશભાઇનો પુત્રનુ નામ અજીતશીહ ચાવડા છે તેમની પુત્રીનુ નામ મનીશાબેન છે તેમના ભાઇ નુ નામ રમેશભાઇ છે અને તેમના જમાઇનુ નામ રાજનભાઇ છે.

**(૧૮.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસ એ હકીકત સ્વીકારેલ છે કે, તેમના દાદાની જમીન ખરીદ કરી તે જગદીશભાઈએ તાલાલા પોલિસ સ્ટેશનમા તેમના માતા–પીતા સામે અરજી કરેલ હતી. આગળ એવુ પણ કબુલ કરે છે કે, તા–૦૭/૦૫/૨૦૨૨ થી તા–૧૩/૦૫/૨૦૨૨ દરમીયાન તેમની માતા સામાન્ય રીતે જે રોજીંદુ જીવન જીવતા તેવુ જીવન જીવતા હતા. આગળ એવુ પણ કબુલ કરે છે કે, તેમના દાદાએ તેમના ભાગની જે જમીન હતી તે જમીન વેચી દિધેલ હતી. આગળ એવુ કબુલ કરે છે કે, તેમના દાદાએ જે જમીન વેચી તે જમીનના કોઈ પૈસા તેમના માતા–પીતાને આપેલા નથી. આગળ એવુ પણ કબુલ કરે છે કે, તેમની માતાને તાલાલા હોસ્પીટલ લઈ ગયેલા ત્યારે તેની સ્થીતી બેભાન જેવી હતી, પરંતુ એ વાત ખરી નથી કે તેણી બોલતી ચાલતી ન હતી. સાહેદ જણાવે છે તેમનુ ગળુ દવા પીધેલ હતી તે કારણે ઝલાઇ ગયેલ હતુ અને વ્યવસ્થીત બોલી શક્તી ન હતી. વધુમા એવુ પણ સ્વીકારે છે કે, તેઓએ તેમની સર તપાસ પેરા–૪ મા જે નામ લખાવ્યા તે નામ તેઓને તેમની મમ્મી એ કહેલા છે. આગળ એવુ પણ કબુલ કરે છે કે, જે અજાણ્યા સ્ત્રી–પરુષ આવેલા તેમને તેઓ ઓળખતા નથી.

(૧૯) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૧૩) હેમાલીબેન રતિભાઈ મકવાણાએ આંક–૭૬ થી** એવો પુરાવો આપેલ છે કે, તેઓ ત્રણ ભાઈ–બહેન છીએ. જેમાં સૌથી મોટા જીતેન્દ્રભાઇ, તેનાથી નાની તેઓ અને તેનાથી નાનો દીપકભાઇ છે. તા.૧૩/૫/૨૦૨૨ ના રોજ તેઓ આંબાના બગીચામાં કામ કરતી હતી. તેમનો ભાઇ દીપક તેમનાથી થોડે દુર હતો. તેમના મમ્મી કાંતાબેન તેમના વાડીવાળા મકાન પાસે કામ કરતા હતા. તેમના મમ્મી ઉલ્ટી ઉબકા કરતા તેઓની પાસે આવેલા. તેઓએ એમને પુછેલુ તો તેમણે ઝેરી દવા પીધી તેવુ કહેલુ. પછી તેઓએ તરત તેમના નાનાભાઇને જાણ કરી એમ્બ્યુલન્સ બોલાવી અને તેમના પપ્પાને જાણ કરેલી જેઓ બહાર ગયા હતા. તેઓ બંને ભાઇબહેન તેમની મો.સા. ઉપર મમ્મીને હોસ્પીટલ લઇ જવા નીકળેલા. ત્યાં તેઓને હનુમાન ધાટ પાસે એમ્બ્યુલન્સ મળેલ. પછી તેઓ તેમના મમ્મીને લઇ હોસ્પીટલ પહોંચેલી અને તેમનો નાનો ભાઇ મોટર સાયકલ ઉપર પાછળ આવેલો. તેઓ તાલાળા સરકારી હોસ્પીટલ ગયેલા. તેઓએ તેમના મમ્મીને આ ઝેરી દવા કેમ પીધી એવુ પુછેલુ. તેમની મમ્મીએ કહેલુ કે, ''તા.૭/૫/૨૦૨૨ ના રોજ હું દાદાની વાડીએ હતી ત્યારે ત્યાં જગદીશભાઇના દીકરી મનીષાબેન, તેમનો દીકરો ધવલભાઇ, તેમની દીકરીના ધરવાળા રાજનભાઇ તથા તેમના ભાઇ રમેશભાઇ ત્યાં આવેલા હતા અને તેમણે મારા મમ્મીને ધમકી આપેલી કે તારે તારો પતિ જોઇએ છે કે જમીન જોઇએ છે.'' આ લોકોએ અવાર નવાર પહેલા પણ ધમકી આપેલી છે અને તેમના મમ્મીને કહેલુ કે ''આ વાત કોઇને કહીશ તો તને પણ મારી નાંખીશુ અને તારા પતિ ને પણ મારી નાંખીશુ.'' આ ધમકીથી તેમના મમ્મીને લાગી આવતા તેમણે પોતે ઝેરી દવા પીધેલી અને પોલીસમાં આ ચાર વીરુધ્ધ ફરીયાદ દાખલ કરેલી છે.

**(૧૯.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરેલ છે કે,તેમના દાદાના નામે ચીત્રાવડ મુકામે ખેતીની જમીન આવેલ છે. આગળ એવી હકીકત કબુલ કરે છે કે, એ જમીનની તેમના દાદાએ તેમના પપ્પા, કાકા અને મોટા પપ્પા વચ્ચે વહેચણી કરી દીધેલી છે.

વધુમા એવી હકીકત સ્વીકારે છે કે, તેઓ જે જમીનની વાત કરે છે એ જમીન આ જમીન કરતા અલગ છે અને એ જમીનની સ્વતંત્ર માલીકી તેમના દાદાની છે. વધુમા એવુ કબુલ કરે છે કે, પોલીસે કેશોદ હોસ્પીટલમાં તા.૧૯/૫/૨૦૨૨ ના રોજ તેઓનુ નીવેદન લીધેલુ. એ હકીકત પણ કબુલ કરે છે કે, એ નીવેદનમાં તેઓએ સહી કરેલી. આગળ એવુ પણ કબુલ કરે છે કે, આ નીવેદનમાં એવુ લખાવેલ છે કે,'આ બનાવનું કારણ એવુ છે કે, મારા દાદા નાજાભાઇએ આજથી બે મહીના પહેલા ત્રણ વીધા ખેતીની જમીન વેંચી નાંખેલ હોય જેનું લાગી આવતા પોતે પોતાની મેળે અમારી વાડી રહેણાંક મકાને મારી માતા કાંતાબેને નંદીની ખેતરમાં છાંટવાની ઝેરી દવા પી જતા મરણ ગયેલ છે એ સીવાય બીજુ કોઇ કારણ નથી કે અમારા ઘરમાં કોઇ જાતનો કજીયો કંકાસ થયેલ નથી. મને મારી માતા કાંતાબેનના મોત બાબતે કોઇ શક વહેમ નથી.' વધુમા એવુ પણ સ્વીકારે છે કે, તા.૧૩/૫/૨૦૨૨ ના રોજ તેઓએ તેમની માતાને દવાખાને લઇ ગયેલા પછી ત્યાં ત્રણ દીવસ સારવાર આપેલી, પણ ડીસ્ચાર્જ આપયાની હકીકત ખરી નથી. વધુમા એવી હકીકત કબુલ કરે છે કે, તેમના માતૃશ્રીને તા ૧૬/૫ ના રોજ વધુ સારવાર માટે લઇ ગયેલા. આગળ એવુ પણ કબુલ કરે છે કે, તા.૭/૫/૨૦૨૨ નો બનાવ નજરે જોયેલ નથી.

(૨૦) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૧૪) જીતેન્દ્રભાઇ રતીલાલ મકવાણાને આંક–૮૬ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, તેમની માતાનું નામ કાન્તાબેન છે. તેઓને તા.૧૩/૫/૨૦૨૨ ના રોજ તેમની નાની બેન હેમાલીબેનનો ફોન સાંજના સમયે આવેલો. તે સમયે તેઓ રાજકોટ નોકરી કરતા હતા અને રાજકોટ હતો. તેમની બેને ફોનમાં જણાવેલ કે, ''મમ્મી દવા પી ગયા છે.'' જેથી તેઓએ પુછેલુ કે શા માટે દવા પી ગયેલા છે? ત્યારે તેમની બેને જણાવેલ કે, ''મમ્મી દાદાની વાડીએ હતા ત્યારે ત્યાં જગદીશભાઇના દીકરી મનીષાબેન, જગદીશભાઇના દીકરા અજીતસીંહ ચાવડા અને જગદીશભાઇના જમાઇ એ લોકોએ ધમકી આપેલ કે, તમારે જમીન જોઇએ છીએ કે તમારો ઘરવાળો. જેથી મમ્મીને મનથી લાગી આવેલુ, જેથી તેમણે દવા

પીધેલી'' એવુ જણાવેલ અને તેમના મમ્મીને તાલાળા સરકારી હોસ્પીટલમાં દાખલ કરેલ. ત્યાંથી રજા આપતા તેમની તબીયત થોડી ખરાબ થતા પ્રાઈવેટ હોસ્પીટલ ચોરવાડ ખાતે લઈ ગયેલા. તા.૧૯/૫/૨૦૨૨ ના રોજ તેમના મમ્મીની તબીયત ખરાબ થતા ચોરવાડ હોસ્પીટલથી કેશોદ હોસ્પીટલ શીફ્ટ કરતા હતા ત્યારે સવારના તેમના પપ્પાનો ઉપર ફોન આવેલ કે, ''તારા મમ્મી રહયા નથી જેથી તું સીધો સીવીલ હોસ્પીટલ, કેશોદ આવ.'' જેથી તેઓ રાજકોટથી કેશોદ હોસ્પીટલે પહોંચેલો અને ત્યાં તેમના મમ્મીનું પી.એમ. કરાવડાવેલ. ત્યારબાદ તેમના મમ્મીની લાશને હોસ્પીટલમાંથી સોંપતા બપોરના તેઓ ચીત્રાવડ તેમના ઘરે લઇ ગયેલા હતા અને તાલાળા અંતિમ સંસ્કાર કરેલા.

**(૨૦.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરેલ છે કે, બનાવ સમયે તેઓ રાજકોટ મુકામે હતા. વધુમા એવી હકીકત કબુલ કરે છે કે, બનાવ કેવી રીતે બન્યો તેની તેઓને જાતમાહીતી નથી. આગળ એવી હકીકત કબુલ કરે છે કે, આ જમીન જયાબેન જગદીશભાઇ ચાવડાને વેચાણ આપેલી. આગળ એવુ કબુલ કરે છે કે, ઉપરોકત હકીકત તેઓએ તેમના જવાબમા લખાવેલ નથી. વધુમા આ સાહેદને માર્ક–૮૫/૧ થી રજૂ થયેલ વેચાણ દસ્તાવેજ બતાવવામાં આવેલ છે જેમા તેમના દાદા રાજાભાઇ કચરાભાઈએ જયાબેનને જમીન વેચાણ કરેલી તે છે જે આંક–૮૭ થી રજૂ કરેલ છે.

**(૨૧)** ફરીયાદપક્ષે **સાહેદ નં. (૧૫) કાળુભાઈ રામભાઈ કારીયાએ આંક–૯૦ થી** એવો પુરાવો આપેલ છે કે, તા.૧૩/૫/૨૦૨૨ ના રોજ તેઓ તાલાળા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. તે દરમ્યાન કલાક ૧૭–૫૦ વાગ્યે ફરજ પરના પીએસઓ એસ.આર.સીસોદીયાએ એમએલસીના કામે તાલાળા સરકારી હોસ્પીટલ ખાતે જઇ કાર્યવાહી કરવાનુ હુકમ કરતા, તેઓએ તાલાળા હોસ્પીટલ ખાતે જઇ ફરીયાદી કાન્તાબેન રતીલાલ મકવાણા, રે.ચીત્રાવડ, તા.તાલાળા વાળાની તેઓએ લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઇ પોલીસ સ્ટેશન ખાતે

આવી ફરજ પરના પીએસઓ એમ.એલ.સોલંકીને સોંપતા તેઓએ તાલાળા પો.સ્ટે.ગુ.ર.નં. ૨૨૨/૨૦૨૨, ઇ.પી.કો. કલમ–૫૦૬(૨) વીગેરે મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ થવા માટે તપાસ હુકમ સાથે તેઓને સોંપતા તેઓએ તપાસ સંભાળી લઇ બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ તેમજ બનાવ સ્થળની આજુબાજુ વાળા સાહેદો તેમજ અન્ય સાહેદોના નીવેદનો લઈ આરોપીઓને સીઆરપીસી કલમ ૪૧ મુજબ નોટીસ પાઠેવેલ હતી. ઈજા પામનારના સારવાર સર્ટી. તેમજ મરણોન્મુખ નીવેદન લેવા માટે તજવીજ કરેલી અને મરણોન્મુખ નીવેદન મેળવી કામમાં સામેલ રાખેલ. ફરીયાદી સારવાર દરમ્યાન ગુજરી જતા તેઓના નજીકના સબંધીઓના નીવેદનો લીધેલા. બાદ ગુનો ઈ.પી.કો. કલમ–૩૦૬ મુજબનો બનતો હોય, જેથી કલમ ઉમેરાનો રીપોર્ટ તૈયાર કરી નામદાર કોર્ટમાં મોકલેલ અને આગળની તપાસ પીએસઆઇ પી.જે.બાંટવા સાહેબને સોંપેલ હતી. વધુમા આ સાહેદના પુરાવામાં આંક–૯૧ થી ફરીયાદ, આંક–૯૨ થી લમ ઉમેરો રવાનો રીપોર્ટ, આંક–૯૩ થી સારવાર સર્ટી. રજૂ થયેલ છે.

**(૨૧.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમા એવી હકીકત કબુલ કરેલ છે કે, ફરીયાદ તેમના હસ્તાક્ષરમાં નથી. એવી હકીકત કબુલ કરેલ છે કે, ધમકી આપવાનો બનાવ તા.૭/૫/૨૦૨૨ નો હતો અને દવા પીવા અંગેની ફરીયાદ તારીખ–૧૩/૫/૨૦૨૨ ની હતી. વધુમા એવી હકીકત કબુલ કરેલ છે કે, તા.૭/૫/૨૦૨૨ ના રોજ આ કામના ફરીયાદીની કોઈ ફરીયાદ લેવામાં આવેલ નથી. વધુમા એવુ પણ સ્વીકારે છે કે, તેઓએ પ્રારંભીક તપાસ કરેલી. વધુમા એવુ પણ સ્વીકારે છે કે, તા.૭/૫/૨૦૨૨ થી તા.૧૩/૫/૨૦૨૨ બપોર સુધી ફરીયાદીએ આરોપીઓના કારણે દવા પીધેલી તેવી કોઈ ફરીયાદ કરેલ નહી. આગળ એવુ પણ કબુલ કરે છે કે, તા.૭/૫/૨૦૨૨ બાદ આરોપીઓ ફરીયાદીને મળેલ હોય અથવા તો ટેલીફોનીક સંપર્ક કરેલ હોય તેવુ તેમની તપાસમાં ખુલેલ નથી. વધુમા એવુ પણ સ્વીકારે છે કે,તેમની પ્રાથમીક તપાસમાં તા.૭/૫/૨૦૨૨ ના રોજ આરોપીઓ બનાવ સ્થળે હાજર હોય તેવુ ખુલેલ નથી. વધુમા એવુ પણ સ્વીકારે છે

કે, ફરીયાદમાં ફરીયાદીએ એવુ લખાવેલ કે, ‘મારા સસરાની જમીન વેંચી રાજકોટ ખાતે જતા રહેલ, તેઓએ જે જમીન વેંચેલ તેના અમારા ભાગે આવતા કોઇ રુપીયા અમોને આપેલ નથી.’ આગળ એવુ પણ કબુલ કરે છે કે, ફરીયાદી અને તેના સસરા વચ્ચે જમીનના પૈસા અંગેનો વાદ વીવાદ ચાલતો હતો. વધુમા એવુ પણ સ્વીકારે છે કે, તકરાર વાળી જમીન આરોપીએ ખરીદ કરેલ ન હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેની માતાએ ખરીદેલ. આગળ એવુ પણ સ્વીકારે છે કે, જમીનની તકરાર ચાલતી હોય તેથી ફરીયાદીના પતિએ તાલાળા કોર્ટમાં દાવો દાખલ કરેલ છે. વધુમા એવુ કબુલ કરે છે કે, ફરીયાદીના સસરા નાજાભાઇ તે તકરારી જમીનના માલીક હતા. આગળ એવુ કબુલ કરે છે કે, નાજાભાઇએ તે જમીન વેચેલી. આગળ એવુ પણ સ્વીકારે છે કે, આ કામમાં નાજાભાઇને આરોપી તરીકે જોડેલ નથી. વધુમા એવુ કબુલ કરે છે કે, તા.૩/૫/૨૦૨૨ ના રોજ તકરારી જમીન ખરીદનાર જયાબેનનાઓએ આ કામના ફરીયાદી તથા તેના પતિ સામે ધાક ધમકી આપ્યા અંગેની ફરીયાદ તેમના રુબરુમાં આપેલી. વધુમા એવુ પણ સ્વીકારે છે કે, તા.૭/૫/૨૦૨૨ ના રોજ તેઓએ ફરીયાદી તથા તેના પતિને બોલાવી મામલતદાર અને એકઝી. મેજીસ્ટ્રેટશ્રીની કચેરીએ લઇ જઇ સીઆરપીસી કલમ–૧૦૭ વીગેરે ના કામમાં જામીન લેવડાવેલા. આગળ કબુલ કરે છે કે, તેમની તપાસમાં તા.૧૫/૫/૨૦૨૨ ના રોજ હાયર સેન્ટરમાં રેફર કર્યા બાદ તા.૧૯/૫/૨૦૨૨ સુધી કયા હોસ્પીટલમાં ફરીયાદીએ સારવાર લીધેલી તેવો કોઇ પુરાવો મેળવેલ નહી. સાહેદ જણાવે છે કે, ફરીયાદીના પતિના નીવેદનમાં ખુલેલ કે, ચોરવાડ ખાતે ડો.કાથડના દવાખાને સારવાર લીધેલી અને ત્યાંથી વધુ સારવાર કેશોદ હોસ્પીટલમાં લીધેલ. વધુમા કબુલ કરે છે કે, ડો. કાથડની હોસ્પીટલ તથા કેશોદ સરકારી હોસ્પીટલના મેડીકલ પેપર્સ આ કામ સાથે સામેલ રાખેલ નથી. આગળ એવુ પણ સ્વીકારે છે કે, કેશોદ હોસ્પીટલમાં ફકત પી.એમ. કરેલ છે. આગળ એવુ કબુલ કરે છે કે, તેમની તપાસ દરમ્યાન ફરીયાદીની પુત્રી હેમાલીબેનનુ નીવેદન તા.૧૯/૫/૨૦૨૨ ના રોજ

હેડ કોન્સ્ટેબલ એસ.યુ.દલ નાઓએ લીધેલ જેનો તેઓએ અભ્યાસ કરેલો. વધુમા એવુ કબુલ કરે છે કે, તા.૧૯/૫/૨૦૨૨ ના હેમાલીબેનના નીવેદનમાં તેઓએ એવુ લખાવેલ છે કે, ‘આ બનાવનુ કારણ એવુ છે કે મારા દાદા નાજાભાઈએ આજથી બે મહીના પહેલા ત્રણ વીધા ખેતીની જમીન વેંચી નાંખેલ હોય જેનુ લાગી આવતા પોતે પોતાની મેળે અમારી વાડી રહેણાંક મકાને મારી માતા કાન્તાબેન એ 'નંદીની' ખેતરમાં છાંટવાની ઝેરી દવા પી જતા મરણ ગયેલ છે.એ સીવાય બીજુ કોઈ કારણ નથી કે અમારા ઘરમાં કોઈ જાતનો કજીયો કંકાસ થયેલ નથી. મને મારી માતા કાન્તાબેનના મોત બાબતે કોઈ શક વહેમ નથી.’ વધુમા કબુલ કરે છે કે, આ કામના આરોપીઓની તેઓએ અટક કરેલ નથી અને આ કામે તેઓએ કોઈ મુદામાલ કબજે કરેલ નથી.

**(૨૨)** ફરીયાદપક્ષે **સાહેદ નં. (૧૬) શબીરભાઈ ઉમરભાઈ દલને આંક–૯૫ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે,ગઈ તા.૧૯/૫/૨૦૨૨ ના રોજ તેઓ કેશોદ ખાતે પોલીસ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન પીએસઓએ તેઓને કેશોદ મેડીકલ ઓફીસરના ડીઓ નં.૪૯૯/૨૦૨૨ ના અનુસંધાને કેશોદ હોસ્પીટલમાં જઈ કાર્યવાહી કરેલી અને તેમાં ઈન્કવેસ્ટ ભરાવેલ અને તે અંગેનું પંચનામુ બે પંચો રુબરુ કરેલું. તે જ વખતે મરણોતર ફોર્મ ભરેલું. ત્યારબાદ લાશને પી.એમ. કરવા માટે ડોકટરને સુપ્રત કરેલ. પી.એમ. થઈ ગયા બાદ લાશને તેના સગા સબંધીઓએ સુપ્રત કરેલી.વધુમા આ સાહેદના પુરાવામાં આંક–૯૬ થી લાશને પી.એમ. કરવાની યાદી તથા આંક–૯૭ થી મરણોતર ફોર્મ રજૂ કરેલ છે.

**(૨૨.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરેલ છે કે, ઈન્કવેસ્ટ પંચનામુ ટાઈપ કરેલુ છે. વધુમા કબુલ કરે છે કે, ઈન્કવેસ્ટ પંચનામામાં જે ખાલી જગ્યા હતી તે હાથથી ભરેલી છે. આગળ એવુ સ્વીકારે છે કે, તા.૧૯/૫/૨૦૨૨ ના રોજ ગુજરનારની દીકરી હેમાલીબેન રતીભાઈ મકવાણાનું નીવેદન લીધેલ છે. આગળ

એવુ પણ કબુલ કરે છે કે, આ નીવેદન સમયે તેના પિતા હાજર હતા. એવુ પણ સ્વીકારે છે કે, આ હેમાલીબેનના નીવેદનમાં તેઓની સહી છે અને તેમના રુબરુની છે. વધુમા એવુ પણ કબુલ કરે છે કે, તેમના રુબરુના તા.૧૯/૫/૨૦૨૨ ના રોજ હેમાલીબેન રતીલાલ મકવાણાના લીધેલ નીવેદનમાં તેઓએ એવી હકીકત લખાવેલ કે,'આ બનાવનુ કારણ એવુ છે કે, મારા દાદા નાજાભાઈએ આજથી બે મહીના પહેલા ત્રણ વિઘા ખેતીની જમીન વેચી નાંખેલ હોય જેનું લાગી આવતા પોતે પોતાની મેળે અમારી વાડી રહેણાંક મકાને મારી માતા કાંતાબેને નંદીની ખેતરમાં છાંટવાની ઝેરી દવા પી જતા મરણ ગયેલ છે. એ સીવાય બીજુ કોઈ કારણ નથી કે અમારા ઘરમાં કોઈ જાતનો કજીયો કંકાસ થયેલ નથી. મને મારી માતા કાંતાબેનના મોત બાબતે કોઈ શક વહેમ નથી.'

(૨૩) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૧૭) નાજાભાઈ કચરાભાઈ મકવાણાને આંક-૧૦૨ થી** તપાસવામા આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, તેમને ત્રણ દીકરા છે, જેમાં રતીભાઈ બીજા નંબરનો દીકરો છે. તેની ઘરવાળીનું નામ કાન્તાબેન છે. તેમની વડીલો પાર્જીત મીલકત ચીત્રાવડ ગામે આવેલી છે. આ વડીલોપાર્જીત મીલકતની આવકમાંથી તેઓએ ત્રણ વીઘા જમીન તેમના નામે લીધેલી. આ જમીનમાં તેઓ જાતે ખેતી કરતા હતા અને સમયાંતરે તેઓએ આ જમીન જગદીશભાઈને વહેચી આપેલી હતી. આ તેઓએ વેચાણ આપેલી જમીનની બાજુમાં તેમના દીકરા રતીભાઈની જમીન પણ આવેલી હતી અને આ વેચાણ કરેલી જમીન પણ રતીભાઈ અને તેની ઘરવાળી વાવતા હતા. આ સિવાયની હકીકતને સમર્થન કરતા ન હોવાથી ફરીયાદપક્ષ દ્વારા આ સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરીને ઉલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ તે ઉલટતપાસથી ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી.

**(૨૩.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરેલ છે કે, તેઓએ તેમના ત્રણેય દીકરાઓને સાડા આઠ વીઘા જમીન

આપી દીધેલી હતી. આગળ એવુ કબુલ કરે છે કે, ત્રણ વીઘા બાકીની જમીન તેઓએ જાતે લીધેલી અને તે તેઓએ તેમની ખોરાકી માટે રાખેલી. એવુ પણ સ્વીકારે છે કે, આ ત્રણ વીઘા જમીન તેઓને પૈસાની જરુરત પડતા વહેચી દીધેલી હતી. આગળ એવુ કબુલ કરે છે કે, એ જમીનમાંથી જે પૈસા આવેલા તે પૈસામાંથી ખર્ચ કર્યા બાદ વધેલા પૈસા તેમના દીકરા–દીકરીઓને વહેચી દીધેલ હતા. વધુમા સ્વીકારે છે કે, આ જમીનમાંથી આવેલા પૈસામાંથી થોડા પૈસા તેઓ રતીલાલને આપવા ગયેલો પરંતુ તેઓએ લીધેલા નહી. વધુમા એવુ કબુલ કરે છે કે, રતીભાઇ તેમનાથી અલગ રહે છે અને તેઓ સાથે તેઓને કોઇ વહેવાર નથી. આગળ કબુલ કરે છે કે, કાન્તાબેને કયારે દવા પીધી અને શેના કારણે દવા પીધી તેની જાણ નથી.

(૨૪) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૧૮) પરબતભાઇ જીવાભાઇ બાંટવાને આંક–૧૦૮ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, ગઇ તા.૨૩/૫/૨૦૨૨ ના રોજ તેઓ તાલાળા પોલીસ સ્ટેશન ખાતે પોલીસ સબ ઇન્સ. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તાલાળા પો.સ્ટે.ગુ.ર.નં.૨૨૨/૨૦૨૨ ના કામની તપાસ તેઓને પો. હેડ કોન્સ્ટેબલ કે.આર.કારીયા તરફથી મળેલી. જેમાં સદરહુ ગુનો ઇ.પી.કો. કલમ–૩૦૬ વીગેરે મુજબનો હોય તેઓએ તપાસ સંભાળેલ હતી. જે ગુનાના કામના આરોપીઓ નં. ૧ થી ૩ નાઓને અટક કરવા પુરતા પુરાવા હોય તેઓને પંચનામાની વીગતે અટક કરેલ અને મહીલા આરોપી મનીષાબેન જેઓના નામદાર કોર્ટમાંથી આગોતરા જામીન મંજુર થયેલ હોય તેઓને ગુનાના કામે અટક કરી જામીન ઉપર મુકત કરેલ. આ કામે મરણ જનારની પી.એમ. નોટ તથા વીસેરા મેળવેલ અને વીસેરાનું પંચનામુ કરી વીસેરા કબજે લીધેલ. જે કબજે લીધેલ વીસેરાને રવાનગી નોંધ તૈયાર કરી એફએસએલ, જુનાગઢ ખાતે પરીક્ષણ અર્થે મોકલી આપેલ. આ કામે મરણજનાર અગાઉ ઝેરી દવા પીધેલ તે તાલાળા હોસ્પીટલનુ સારવાર સર્ટી. મેળવેલ તથા એફએસએલનો રીપોર્ટ મેળવી તપાસના કામમે સામેલ રાખેલ. આરોપીઓ વીરુધ્ધ ચાર્જશીટ કરવા પુરતો પુરાવો હોય આરોપીઓ વીરુધ્ધ ચાર્જશીટ કરેલ

હતું. વધુમા આ સાહેદના પુરાવામાં આંક–૧૦૯ થી ડી. ઓ. નોધવા બાબતનો પત્ર, આંક–૧૧૦ થી સારવાર સર્ટી. મેળવવાની યાદી, આંક–૧૧૧ થી ઇન્કવેસ્ટ ભરવાની યાદી, આંક–૧૧૨ થી પી. એમ. મેળવવાની યાદી, આંક–૧૧૩ થી ૧૧૫ સુધી મુદામાલનુ પૃથ્થકરણ કરી, અભિપ્રાય આપવાનો ફોરવર્ડીગ લેટર, રવાનગી નોંધ અને રવાનગી પત્રક તથા આંક–૧૧૬ થી ૧૧૭ સુધી એફ. એસ. એલ. ની પહોંચ અને અહેવાલ રજૂ કરેલ છે.

**(૨૪.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરેલ છે કે, તેઓએ તા.૨૩/૫/૨૦૨૨ થી આ ગુનાની તપાસની શરુઆત કરેલ. આગળ એવુ સ્વીકારે છે કે, તા.૨૩/૫/૨૦૨૨ નો કલમ ઉમેરાનો રીપોર્ટ તેમની સહીથી રજુ કરેલ છે. વધુમા કબુલ કરે છે કે, ગુજરનારે તા.૧૩/૫/૨૦૨૨ ના રોજ દવા પીધેલી અને તેનુ અવસાન તા.૧૯/૫/૨૦૨૨ ના રોજ થયેલ. આગળ સ્વીકારે છે કે, તા.૧૩/૫/૨૦૨૨ ના રોજ ગુજરનારને તાલાળા સરકારી હોસ્પીટલમાં સારવાર અર્થે દાખલ કરેલ અને તા.૧૫/૫/૨૦૨૨ ના રોજ વધુ સારવાર માટે રીફર કરેલ.વધુમા કબુલ કરે છે કે, તા.૧૫/૫/૨૦૨૨ ના રોજ ગુજરનાર હોસ્પીટલમાંથી ડીસ્ચાર્જ થયા તેના પછી તા.૧૯/૫/૨૦૨૨ સુધીના સારવારના કાગળો આ કામે તેઓએ કબજે લીધેલ નથી.

**(૨૫)** આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ તમામ પુરાવો એકીસાથે રાખી તેનું એવીડન્સ એકટની જોગવાઈ મુજબ વિશ્લેષણ કરતા અમા કામના આરોપીઓએ ગઈ તા. ૦૭/૦૫/૨૦૨૨ ના કલાક : ૧૭/૩૦ વાગ્યા દરમ્યાન ચિત્રાવડ ગામની સીમ વિસ્તારમાં ફરિયાદીના સસરા નાજાભાઈના આંબાના બગીચાના ગેઈટ પાસે આવી ફરિયાદીને કહેવા લાગેલ કે ''તારે જમીન જોઈએ છીએ કે તારો પતિ'' તેમ કહેતા ફરિયાદીએ કહેલ કે ''શું થયું '' તો આરોપીઓએ કહેલ કે ''આ જમીન તેના મમ્મીએ ખરીદી લીધેલ છે તમો આ જમીન ખાલી કરી નાંખજો નહીતર તારા પતિને જાનથી મારી નાંખીશું તેમજ આ વાત કોઈને કરીશ

તો તને પણ મારી અહીયા દાટી દેશું'' તેવી ધમકી આપી જતા રહેલ. જે બાબતના ફરિયાદીને અવાર નવાર વિચાર આવતા અને આ ધમકી સહન ન થતાં અને આ કામના આરોપીઓ ગમે ત્યારે હુમલો કરશો તેવી બીક લાગતાં ફરિયાદીએ પોતાની વાડીએ ગઈ તા. ૧૩/૦૫/૨૦૨૨ ના કલાક : ૧૫/૦૦ વાગ્યે પોતાની મેળે ઝેરી દવા પી જતાં મરણ ગયેલ હોવાનો કેસ નોંધાયેલ છે. આમ, હાલનો બનાવ તા.૦૭.૦૫.૨૦૨૨ ના ક. ૧૭/૩૦ વાગ્યે બનેલ બનાવના કારણથી બનેલ છે, ત્યારે આ કામના આરોપીઓ અને મરણજનાર વચ્ચે તા.૦૭.૦૫.૨૦૨૨ ના ક. ૧૭/૩૦ વાગ્યે બનાવ બનેલ છે કે કેમ, તે બાબતેનો ફરીયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદપક્ષ દ્વારા ફરીયાદીના પતિ રતીભાઈ નાજાભાઈ મકવાણાને આંક-૬૬ થી તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, આજથી બે વર્ષ પહેલા તેમના પત્ની કાંન્તાબેન દવા પીચ ગયેલા. તેઓ તેમના સસરાના ઘરે ગયેલ હતા અને ત્યા તેમના છોકરાઓએ ફોન કરેલો તેની તેઓને આ વાતની ખબર પડેલી અને તેઓ દવાખાને ગયેલ અને તેમના પત્નીને પુછેલુ કે આ બધુ શું થયુ તો તેમના પત્નીએ તેઓને કહેલ કે, ''મને જગદીશભાઈના છોકરાએ, છોકરીએ અને તેમના કાકાએ ધમકી આપેલી કે, '' જમીન જોઈએ છીએ કે ધણી ''''. તેઓ આ સાહેદે તેમના પત્નીને કહેલ કે, '' આવુ કરાય નહી'', તો તેણે કહેલ કે, ''મારી ભુલ થઈ ગય''. બીજા ત્રીજા દીવસે તેમના પત્નીને હોસ્પીટલમાંથી રજા આપી અને બીજા દવાખાને લઈ જવાનુ જણાવેલુ જેથી તેમના પત્નીને ચોરવાડ દવાખાને લઈ ગયેલા. ચોરવાડ દવાખાનાથી પણ તેઓને રજા આપી કેશોદ લઈ જવાનુ કહેવાથી તેઓ કેશોદ દવાખાને લઈ જતા હતા તે દરમ્યાન રસ્તામા તેણી તા.૧૯ મી ના રોજ અવશાન પામેલી તેવી હકીકત સરતપાસમાં જણાવેલ છે. આ સાહેદે ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, તાલાળાની કોર્ટમા દસ્તાવેજ રદ કરવા જયાબેન દુદાભાઈ મકવાણા વિ.વિરૂધ્ધ તેઓએ દીવાની મુકદમા નંબર ૧૪૮/૨૦૨૨ થી દાવો દાખલ કરેલ છે તેમજ તેમના પિતાએ જે જમીન વેચી તેમાથી તેઓને કોઈ પૈસા આપેલ ન હતા તેમજ

જમીન વેચાણ રાખનાર જયાબેને તા.૦૩/૦૫/૨૦૨૨ ના રોજ આ સાહેદ તથા તેમના પત્ની વિરૂધ્ધ તાલાળા પોલીસ સ્ટેશનમા, તેઓ તેણીએ જેને જમીનનો ઈજારો આપેલ છે તેને ધમકી આપીએ છીએ તેવુ જણાવી, અરજી કરેલ હતી તેમજ આ અરજી અનુસંધાને તા.૦૭/૦૫/૨૦૨૨ ના રોજ તાલાળા પોલીસ સ્ટેશન ખાતે તેઓને તથા તેમના ગુજરનાર પત્નીને બોલાવવામા આવેલા તેમજ તાલાળા પોલીસે તેમના વિરૂધ્ધ અટકાયતી પગલાના ભાગરુપે ચેપ્ટર કેસ નં–૩૭૦/૨૨ થી દાખલ કરેલો તેમજ આ દીવસે તેઓએ જામીન આપેલા અને આખો દીવસ તાલાળા પોલીસ સ્ટેશને રહેલા. આમ, આ ફરીયાદીના પતિનો સમગ્ર પુરાવો જોવામા આવે તો આ કામના આરોપીઓ અને મરણજનાર અને તેના પતિને જમીન બાબતે તકરારો ચાલતી હતી, તેવી હકીકત રેકર્ડ ઉપર આવે છે તેમજ આ કામના આરોપીઓએ મરણજનારને જે તારીખે ધમકી આપેલાનુ કહેવામાં આવ્યુ તે તારીખ પહેલા વાદગ્રસ્ત જમીન ખરીદનારે મરણજનાર અને તેમના પતિ વિરૂધ્ધ પોલીસ સ્ટેશન અરજી કરેલ અને તે અરજીના કામે મરણજનાર અને તેમના પતિ તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ આખો દિવસ પોલીસ સ્ટેશન રોકાયેલ હોય અને તેમની સામે પોલીસે અટકાયતી પગલા લીધેલ હોય અને તેઓએ જામીન આપેલ હોય, તેવી હકીકત ઉલટતપાસથી રેકર્ડ ઉપર આવે છે ત્યારે ખરેખર તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ કોઈ બનેલ છે કે કેમ, તેવી હકીકત શંકાસ્પદ બની જાય છે. વધુમા આ સંદર્ભે ફરીયાદપક્ષ દ્વારા તપાસવામા આવેલ સાહેદ નં. (૧૫) કાળુભાઈ રામભાઈ કારીયાની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓએ પોતાની ઉલટતપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, ધમકી આપવાનો બનાવ તા.૦૭/૦૫/૨૦૨૨ નો હતો અને દવા પીવા અંગેની ફરીયાદ તારીખ–૧૩/૦૫/૨૦૨૨ ની હતી તેમજ તા.૦૭/૦૫/૨૦૨૨ ના રોજ આ કામના ફરીયાદીની કોઈ ફરીયાદ લેવામાં આવેલ નથી તેમજ તા.૦૭/૦૫/૨૦૨૨ થી તા.૧૩/૦૫/૨૦૨૨ બપોર સુધી ફરીયાદીએ આરોપીઓના કારણે દવા પીધેલી તેવી કોઈ ફરીયાદ કરેલ

નહી તેમજ તા.૦૭/૦૫/૨૦૨૨ બાદ આરોપીઓ ફરીયાદીને મળેલ હોય અથવા તો ટેલીફોનીક સંપર્ક કરેલ હોય તેવુ તેઓની તપાસમાં ખુલેલ નથી તેમજ તેઓની પ્રાથમીક તપાસમાં તા.૦૭/૦૫/૨૦૨૨ ના રોજ આરોપીઓ બનાવ સ્થળે હાજર હોય તેવુ ખુલેલ નથી તેવી હકીકતો જણાવેલ છે. આમ, આ પોલીસ સાહેદના પુરાવા ઉપરથી પણ આ કામના આરોપીઓ અને મરણજનાર વચ્ચે તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ કોઇ બનાવ બનેલ હોય કે તે બનાવની ફરીયાદી દ્વારા કોઇ ફરીયાદ આપવામાં આવેલ હોય કે તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ આરોપીઓ બનાવ સ્થળે હાજર હોય, તેવી કોઇ હકીકત આ સાહેદના પુરાવાથી પર રેકર્ડ ઉપર આવતી નથી. વધુમા ફરીયાદીના પતિના પુરાવા મુજબ મરણજનારને તાલાલા હોસ્પીટલમાંથી વધુ સારવાર માટે ચોરવાડ લઇ ગયેલ હોવાનો પુરાવો આપેલ છે, પરંતુ ફરીયાદપક્ષ દ્વારા આ સંદર્ભે કોઇ જ મેડીકલ પેપર્સ કે કોઇ મેડીકલ ઓફીસરને તપાસવામાં આવેલા નથી કે તે સંદર્ભે કોઇ સારવાર કાગળો પણ ત. ક. અમલદારે કબજે કરેલ હોય, તેવો પણ કોઇ જ પુરાવો ત. ક. અધિકારીએ આપેલ નથી, ત્યારે આ હકીકત સંદર્ભે પણ ફરીયાદપક્ષના કેસ શંકા ઉપસ્થીત થાય છે.

**(૨૬)** ફરીયાદપક્ષના કેસ મુજબ તા.૧૩.૦૫.૨૦૨૨ ના બનાવ વખતે મરણજનાર ઉપરાંત તેમના સંતાનો પણ બનાવ વખતે હાજર હતા ત્યારે આ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષે સાહેદ દીપકભાઇ રતીલાલ મકવાણાને આંક—૭૧ થી તપાસવામાં આવેલા છે. તેમના પુરાવા મુજબ તા—૧૩/૦૫/૨૦૨૨ ના રોજ તેઓ તેમની માતા અને તેમની બહેન વાડી હતા આ સમયે તેમની માતાએ દવા પિધેલી. આ સમયે સાંજના ૦૪:૩૦ નો સમય થયેલ હશે. તેમની બહેને કહેલ કે," મમ્મી ઉલ્ટી કરે છે" તેથી તેઓને એમ્બ્યુલન્સ ને ફોન કરેલો અને તાલાલા સરકારી હોસ્પીટલમા લઇ ગયેલા. ત્યારબાદ તેમની માતાને તેઓએ પુછેલ કે," આમ શા માટે કર્યુ" તો તેમની માતાએ કહેલ કે,''જગદીશભાઇ ચાવડા કે જેમણે મારા દાદાની જમીન લિધેલ છે તે જમીન ઉપર મારી માતા હાજર હતા ત્યારે જગદીશભાઇ

નો પુત્ર, દીકરી , જમાઇ, ભાઇ ત્યા આવેલા અને તેમણે મારા માતાને ધમકી આપેલ કે 'જમીન જોઇચે કે ધણી' અને તેમ કહી તેમણે મારી માતાને તથા મારા પીતાને મારી નાખવાની ધમકી આપેલી'' તેવુ જણાવેલ અને કહેલ કે આ કારણથી તેઓને ડર લાગતા તેઓએ ઝેર પીધેલ છે. વધુમા આ સાહેદનો પુરાવો છે કે, તા–૦૭/૦૫/૨૦૨૨ના રોજ તેઓ પોતે તેમના દાદાની જમીન પર હાજર હતો ત્યારે બપોરના સાડા અગીયાર–બાર વાગ્યે ત્યા કોઇ બહેન અને ભાઇ આવેલા અને તેઓને કહેલ કે"દરવાજો ખોલો અને અહીથી જતા રહો" અને બાજુમા વંડી હતી તેનો પથ્થર પછાડી અંદર આવવાનો પ્રયત્ન કરેલો અને ત્યારબાદ ત્યાથી જતા રહેલા. આ સાહેદે ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરેલ છે કે, તા–૦૭/૦૫/૨૦૨૨ થી તા–૧૩/૦૫/૨૦૨૨ દરમીયાન તેમની માતા સામાન્ય રીતે જે રોજીંદુ જીવન જીવતા તેવુ જીવન જીવતા હતા તેમજ સર તપાસ પેરા–૪ મા જે નામ લખાવ્યા તે નામ તેઓને તેમની મમ્મી એ કહેલા છે તેમજ જે અજાણ્યા સ્ત્રી–પરુષ આવેલા તેમને તેઓ ઓળખતા નથી. આમ, આ સાહેદનો પુરાવો જોવામાં આવે તો આ સાહેદ બન્ને બનાવ વખતે હાજર હોય તે રીતનો પુરાવો આપેલ છે, પરંતુ તેઓ આરોપીઓને ઓળખતા હોય અને આરોપીઓએ તેમની હાજરીમાં તેમના મમ્મીને કોઇ ધમકી આપેલ હોય અને તે ધમકીના કારણે તા.૦૭.૦૫.૨૦૨૨ થી તા.૧૩.૦૫.૨૦૨૨ સુધી મરણજનાર પોતાનુ રોજીંદુ કામકામ કરી શકતા ન હોય તે બાબતે કોઇ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી અને તેથી આ કામના આરોપીઓએ તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ મરણજનારને ધમકી આપેલ હોય અને તે ધમકીના કારણે મરણજનારે તા.૧૩.૦૫.૨૦૨૨ ના રોજ દવા પીધેલી હોય, તે હકીકત શંકાસ્પદ લાગે છે અને તેથી આ સાહેદના પુરાવા ઉપર શંકા ઉપસ્થીત થાય છે. વધુમા ફરીયાદપક્ષ દ્વારા મરણજનારની દિકરી **સાહેદ હેમાલીબેન રતિભાઇ મકવાણાને આંક–૭૬ થી** તપાસવામાં આવેલા છે. તેમના પુરાવા મુજબ તા.૧૩/૫/૨૦૨૨ ના રોજ તેમના મમ્મી કાંતાબેન વાડીવાળા મકાન પાસે કામ કરતા હતા. તેમના મમ્મી ઉલ્ટી ઉબકા

કરતા તેઓની પાસે આવેલા. તેઓએ પુછેલુ તો તેમણે ઝેરી દવા પીધી તેવુ કહેલુ. પછી તેઓએ તરત નાનાભાઇને જાણ કરી એમ્બ્યુલન્સ બોલાવી અને તેમના પપ્પાને જાણ કરેલી અને પછી તાલાળા સરકારી હોસ્પીટલ ગયેલા. તેઓએ તેમના મમ્મીને આ ઝેરી દવા કેમ પીધી એવુ પુછેલુ તો કહેલ કહેલુ કે, ''તા.૭/૫/૨૦૨૨ ના રોજ હું દાદાની વાડીએ હતી ત્યારે ત્યાં જગદીશભાઇના દીકરી મનીષાબેન, તેમનો દીકરો ધવલભાઇ, તેમની દીકરીના ધરવાળા રાજનભાઇ તથા તેમના ભાઇ રમેશભાઇ ત્યાં આવેલા હતા અને ધમકી આપેલી કે તારે તારો પતિ જોઇએ છે કે જમીન જોઇએ છે.'' આ લોકોએ અવાર નવાર પહેલા પણ ધમકી આપેલી છે અને તેમના મમ્મીને કહેલુ કે ''આ વાત કોઇને કહીશ તો તને પણ મારી નાંખીશુ અને તારા પતિને પણ મારી નાંખીશુ.'' આ ધમકીથી લાગી આવતા તેમણે પોતે ઝેરી દવા પીધેલી. આ સાહેદે ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, બનાવ પછી પોલીસે તેમનુ નીવેદન લીધેલુ તેમજ પોલીસે કેશોદ હોસ્પીટલમાં તા.૧૯/૫/૨૦૨૨ ના રોજ તેમનુ નીવેદન લીધેલુ તેમજ એ નીવેદનમાં તેઓએ સહી કરેલી તેમજ આ નીવેદનમાં તેઓએ એવુ લખાવેલ છે કે,‘આ બનાવનું કારણ એવુ છે કે, મારા દાદા નાજાભાઇએ આજથી બે મહીના પહેલા ત્રણ વીઘા ખેતીની જમીન વેંચી નાંખેલ હોય જેનું લાગી આવતા પોતે પોતાની મેળે અમારી વાડી રહેણાંક મકાને મારી માતા કાંતાબેને નંદીની ખેતરમાં છાંટવાની ઝેરી દવા પી જતા મરણ ગયેલ છે એ સીવાય બીજુ કોઇ કારણ નથી કે અમારા ઘરમાં કોઇ જાતનો કજીયો કંકાસ થયેલ નથી. મને મારી માતા કાંતાબેનના મોત બાબતે કોઇ શક વહેમ નથી.’ આમ, આ મરણજનારની દિકરીનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં તેમના દાદાએ ત્રણ વીઘા જેટલી જમીન વેચી દીધેલ હોય, તેના બાબત લાગી આવતા તેમની માતાએ ઝેરી દવા પીધેલ હતી, તેવી હકીકત તેઓએ પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ છે. આમ, આ મરણજનાર દિકરીની સમગ્ર ઉલટતપાસ ધ્યાને લેતા આ કામના આરોપીઓએ આપેલ ધમકીના કારણે મરણજનારને કોઇ ઝેરી દવા પીધેલી હોય, તેવી હકીકત

શંકારહીત સાબિત થતી નથી અને તેથી આ સાહેદના પુરાવા ઉપરથી પણ ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ બની જાય છે. વધુમા આ સાહેદે જેની સમક્ષ પોતાનુ નિવેદન આપેલ હતુ, તેવા સાહેદ શબીરભાઇ ઉંમરભાઇ દલને આ કામે આંક–૯૫ થી તપાસવામાં આવેલા છે અને તેઓએ પણ પોતાની ઉલટતપાસમાં આ હકીકતનો સ્વીકારેલ છે. આમ, સાહેદ હેમાલીબેન પોતાના પોલીસ રૂબરૂના નિવેદનથી તદન વિરોધાભાસી હકીકતો પોતાના પુરાવામાં જણાવતા હોય, તેવુ જણાય આવે છે અને તેથી તેમના પુરાવા ઉપર આધાર રાખીને આરોપીઓ સામેનો કેસ પુરવાર થયેલો માની શકાય નહીં. વધુમા આ કામે ફરીયાદપક્ષ દ્વારા મરણજનારના સસરા નાજાભાઇ કચરાભાઇ મકવાણાને આંક–૧૦૨ થી તપાસવામાં આવેલા છે, પરંતુ તેઓએ પોતાના પુરાવામાં મરણજનારે કયા કારણે દવા પીધેલી છે, તે બાબતે તેઓએ કોઇ જ હકીકત જણાવેલ નથી અને તેથી તે સાહેદના પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

**(૨૭)** વધુમા આ કામે ફરીયાદીનુ ચાલુ સારવાર દરમ્યાન અવશાન થતા ફરીયાદપક્ષ દ્વારા મુખ્યત્વે ફરીયાદ અને ડી. ડી. ઉપર આધાર રાખેલ છે, ત્યારે આ ફરીયાદ અને ડી. ડી. સંબંધેનો પુરાવો જોવામાં આવે તો આ કામે ફરીયાદ લેનાર શ્રી કે. આર. કારીયાની જુબાનીમાં આંક–૯૧ થી ફરીયાદ રજૂ થયેલ છે અને સાહેદ જયવંતભાઇ વીસમાણભાઇ સીંધવની જુબાનીમાં આંક–૫૫ થી ડી. ડી. રજૂ થયેલ છે. આ બન્નેને એકસાથે વંચાણે લેવામાં આવે તો બન્ને એક જ દિવસે અપાયેલ હોવાનુ જણાય આવે છે. ફરીયાદમાં બનાવનો સાંજના સાડા પાંચેક વાગ્યાનો દર્શાવવામાં આવેલ છે, જયારે ડી. ડી. આ જ સમયને બે વાગ્યાનો સમય દર્શાવવામાં આવેલ છે. ફરીયાદમાં એવુ જણાવવામા આવેલ છે કે, ''ગઇ તા. ૦૭/૦૫/૨૦૨૨ ના શનિવારના સાંજના આશરે સાડા પાંચેક વાગ્યે મારા સસરા નાજાભાઈના ભાગે આવેલ આંબાના બગીચે હુ એકલી હતી ત્યારે આ જમીન ખરીદ કરનાર જગદીશભાઇ ચાવડાની દિકરી મનિષાબેન જગદિશભાઈ ચાવડા તથા ધવલભાઇ જગદિશભાઇ ચાવડા તા રમેશભાઈ ચાવડા તથા મનિષાબેનના પતિ કે જેનુ નામ મને

આવડતુ નથી તે રહેવાશી બધા તાલાળા વાળા બગીચાના ગેટ પાસે આવી મને કહેવા લાગેલ કે તને તારો પતિ જોઇએ છે. જમીન જોએ છે. જેથી મે તેઓને કહેલ કે શુ થયું તો તેઓએ જણાવેલ કે હુ જયાબેનની દિકરી છુ, અને તમે મારા મામી થાવ આ જમીન મારા મમ્મી જયાબેન ને લીધેલ છે. તમો આ જમીન ખાલી કરી નાખજો નહીતર તારા પતિ રતિભાઇ ને અમો જાનથી મારી નાખીશુ. તેવી ધમકી આપેલ. અને આ વાત બીજા કોઇને કહીશતો તે તેને પણ મારીને અહીં દાટી દેશુ તેવી મને ધમકી આપેલ હતી. જેથુ હુ આ લોકોની ધમકી ડરી જતા મે કોઇને વાત કરેલ ન હતી અને આ લોકો મને કહેતા હતા કે તુ દરવાજો ખોલ જેથી મે તેઓને કહેલ કે મારી પાસે ચાવી નથી તમે મારા પતિ પાસે જઇ વાત કરો અને તેઓએ મારા પતિના નંબર માંગતા મોબાઇલ નંબર આપેલા જેથી જેથી આ લોકો મારા પતિને ફોન કરતા ફોન લાગેલ નહી જેથી મને કહેલ કે રતિભાઈને ફોન લાગતો નથી તે કવરેજમાં નથી તેમ કહી મને અવાર નવાર દરવાજો ખોલવાનું કહેતા મે દરવાજો ખોલેલ નથી જેથી મે બુમો પાડતા આ લોકો ત્યાંથી જતા રહેલ અને આ લોકોએ મને ધમકી આપેલું હોય જેના ડરના કારણે મે કોઇને વાત કરેલ ન હતી અને આ બાબતની મને અવાર નવાર વિચાર આવતા હોય અને આ લોકો ગમે ત્યારે હુમલો કરે તેવી મને બીક લાગતા આજરોજ હુ મારી પોતાની વાડીએ હતી ત્યારે મારાથી આ ધમકી સહન ન થતા મારી મેળે ખેતરમાં છાંટવાની ઝેરી દવા આજરોજ બપોરના અઢી વાગ્યે પી જતા આ બનાવ બનેલ છે'' તેવી હકીકત ફરીયાદમાં લખાવેલ છે. જયારે આંક–પપ થી રજૂ થયેલ ડી. ડી. ને વંચાણે લેવામાં આવે તો તેમાં '' મારા પતિના નામે આઠ વીધા જમીન ચીત્રાવડ ગામે આવેલ છે અને મારા સસરાનો બગીચો છે અને હું ત્યાં હાજર હતી ત્યારે બે વાગ્યાનો સમય હતો. ત્યારે મનીષાબેન તથા મનીષાબેનના કાકા રમેશભાઈ તથા ભાઈ ધવલભાઈ અને મારા પતિ ત્યાં બગીચામાં આવેલા અને મને ધમકી આપેલ કે તારે જમીન જોઈએ છે કે પતિ જોઈએ છે ? જેથી મેં બુમાબુમ કરેલી અને આ બધા મને મારી નાંખવાના ઈરાદે ત્યાં આવ્યા હતા અને આ બધા લોકોએ મારું વીડીયો શુટીંગ કરેલ છે મેં રાડો પાડતા આ બધા ત્યાંથી

જતા રહેલા અને આ લોકો સાથે મારે કેસ ચાલુ છે, મેં વાડીએ જઈને આ રોગર તથા બીજી દવા પીધેલી છે મને ઉલ્ટી થયેલી અને સહન ન થતા મારી દીકરી સાથે હોસ્પીટલે આવેલ છું." ત્યારબાદ તેઓએ વિશેષમાં કાંઈ કહેવાનું છે તેવુ પુછતા તેમણે એવુ કહેલ કે ''મારા સસરાનો બગીચો છે તે મનીષાના પપ્પાએ ખરીદેલો છે અને તે ખાલી કરાવવા માટે કહેવા આવ્યા હતા. આ લોકોને મારા જેઠાણી તથા તેઓના દીકરા મોકલે છે અને મારા જેઠ ગુજરી ગયેલ છે." આમ, આ મરણજનાર સાહેદે પોતાની ફરીયાદમાં આ કામના આરોપીઓએ ધમકી આપ્યા બાદ મરણજનારનો પતિનો નંબર માગેલ અને તે નંબર પર કોલ કરેલ તો લાગેલ નહી અને ત્યારબાદ દરવાજો ખોલવાનુ કહેતા તેઓએ દરવાજો ખોલેલ નહી અને તે પછી તેઓને સતત ધમકીના વિચાર આવતા તેઓએ ઝેરી દવા પીધેલ હોવાનુ જણાવેલ છે. જયારે આવી કોઇ જ હકીકત પોતાના ડી. ડી. માં જણાવેલ નથી અને ડી. ડી. ફરીયાદથી તદન અલગ હકીકત જેમ કે, ''આ લોકો મારી નાખવાના ઈરાદે ત્યાં આવ્યા હતા અને આ લોકોએ મારુ વિડીયો શુંટીગ કરેલ છે, આ લોકો સામે મારે કેસ ચાલુ છે, મે વાડીએ જઇને રોગર તથા બીજી દવા પીધેલી છે'' તેવી હકીકતો જણાવેલ છે. આમ, મરણજનારે એક જ દિવસે ફરીયાદ અને ડી. ડી. આપેલ હોવા છતાં બન્નેમાં મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે છે અને જયારે ફરીયાદપક્ષનો સમગ્ર કેસ ડી. ડી. અને ફરીયાદ ઉપર આધારીત હોય, ત્યારે આવા વિરોધાભાસી હકીકતો ઉપર આધાર રાખીને આરોપીઓ સામેનો કેસ પુરવાર થયેલો માની શકાય નહીં. આ કામના આરોપીઓ સામે ઇ. પી. કોડની કલમ–૩૦૬ મુજબના ગુનાનુ તહોમત છે, ત્યારે માત્ર ડી. ડી. ઉપર આધાર રાખીને આ કામના આરોપીઓ સામેનો કેસ પુરવાર થયેલો માની શકાય નહી, કારણ કે ડી. ડી. અને ફરીયાદમાં પણ મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે, ત્યારે આવા વિરોધાભાસી હકીકતો ઉપર આધાર રાખીને આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૨૮) આ કામે પી. એમ. કરનાર ડો. રેયાભાઈ માલાભાઈ કોડીયાતરની જુબાનીમાં આંક–૬૩ થી પી. એમ. નોટ અને આંક–૬૪ થી એફ.

એસ. એલ. અભિપ્રાય રજૂ થયેલ છે અને તેના આધારે આ કામની મરણજનારનુ મૃત્યુ 'ફલોરોપાઈરીફોર્સ નામના ઓર્ગેનો થાયો ફોસ્ફરસ'' નામના રાસાયણિક ઝેરના કારણ થયેલ હોવાની હકીકત પુરવાર થયેલ છે, પરંતુ તે મૃત્યુ માટે આ કામના આરોપીઓએ તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ આપેલ ધમકી જવાબદાર હોય, તેવી કોઈ જ હકીકત શંકારહીત સાબિત થતી નથી, કારણ કે આગળ ચર્ચા કરી તેમ ફરીયાદીની ફરીયાદ અને તેઓએ આપેલ ડી. ડી. માં બનાવ બાબતે મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે છે તેમજ મરણજનારના પતિ, પુત્ર અને દિકરીના પુરાવા ઉપરથી એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, આ કામે પક્ષકારો વચ્ચે જમીનનો વિવાદ ચાલુ હતો અને તે વિવાદના કારણે આ કામના મરણજનાર અને તેના પતિ વિરૂધ્ધ જમીન ધારકે અરજી કરેલ હતી અને તે અરજીના કામે મરજણનાર અને તેના પતિ તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ આખો પોલીસ સ્ટેશનમાં રહેલ હતા અને તેમની વિરૂધ્ધ ચેપ્ટર કેસ નોંધીને અટકાયતી પગલા લેવામાં આવેલ હતા અને ત્યારથી લઈને તા.૧૩.૦૫.૨૦૨૨ સુધી મરણજનાર પોતાનુ રોજીંદુ કામકાજ કરવામાં અસમર્થ હોય, તેવો પણ કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી અને તેથી આ કામના આરોપીઓએ તા.૦૭.૦૫.૨૦૨૨ ના રોજ આપેલ ધમકીના કારણે મરણજનારે ઝેરી દવા પી જઈને આપઘાત કરેલ હોય અને તેને આપઘાત કરવા માટે આ કામના આરોપીઓએ કોઈ દુષ્પ્રેરણા પુરી પાડી હોય, તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી અને તેથી આ કામના આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ હોય, આ કામના આરોપીઓને શંકાનો લાભ આપીને છોડી મુકવાને પાત્ર કેસ બનતો હોય, મુદા નં. (૧) નો નિર્ણય **નકારમાં** આપીને મુદા નં. (૨) પરત્વે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>:: આ ખ રી હુ ક મ ::</u>**

**(૧)** આ કામના આરોપીઓને સી.આર.પી.સી.કલમ ૨૩૫(૧) અન્વયે તેમની વિરૂધ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના આરોપીઓ હાલ આ ગુનાને કામે જામીન મુકત હોય, તેઓના જામીનખત તથા જાતજામીન આથી રદ કરવામાં આવે છે.

**(૩)** જો આરોપીઓ વિરૂધ્ધના ગુનાને કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા દરેક આરોપીએ સી.આર.પી.સી. કલમ ૪૩૭(એ) ની જોગવાઈ મુજબ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન રજુ કરવા. જે જામીનગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

**(૪)** તપાસ દરમ્યાન કબજે લીધેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ ઠરાવ આજરોજ તારીખ ૦૩જી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩.૦૮.૨૦૨૬
સ્થળ–વેરાવળ

**(વિક્રમસિંહ ગોહિલ)**
સત્ર ન્યાયાધિશ
ગીર સોમનાથ, વેરાવળ
કોડ નં. જીજે૦૧૦૪૨